શ્રી

સત્યનો ભંડાર

રત્નસીંહ.

(નવરસથી ભરપુર નોવલ)

[illegible] પ્રસિદ્ધ કરનાર.

વીઠુલદાશ ગોકળદાશ મેહતા.

શ્રી "રાંદેર" [illegible] પ્રેસ-સુરત

કીંમત ૦-૬-૦ (છ આના)

શ્રી

સત્યનો ભંડાર

રત્નસીંહ.

(નવરસથી ભરપુર નોવેલ)

રચનાર તથા પ્રસીદ્ધ કરનાર.

વીઠ્ઠલદાશ ગોકળદાશ મહેતા.

ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસ—સુરત

કીંમત ૦-૬-૦ (છ આના)

અર્પણ પત્રિકા.

કુટુંબી જનોનું પાલન પોષણ કરનાર ચો-
ક્સીનાં ધંધામાં કાબેલ ગણાએલા શાહ ભગવા-
નદાસ ઉર્ફે નાથુભાઇ ભાઇચંદ ચોકસી

તમોએ પોતાના કુટુંબને પાળવામાં એક
સરખી ખંત અને કાળજી રાખી હતી એટલુંજ
નહી પણ મને તથા મારા ભાઇઓને બચપણથી
પાળી ઉછેરીને મોટા કીધા છે તથા હમારી
ભણતર ખર્ચ કરવામાં અતી ઉમેદ વાપરી છે
એજ તમો સાહેબને ધન્યવાદ ઘટેછે અને તેનાં
ઉપકારનો બદલો જોકે મારાથી કાંઇપણ વાળી
શકાય તેમ નહોવાથી આ ફુલ નહી ને ફુલની
પાંખડી તરીકે આપ સાહેબને આ નાનકડું
પુસ્તક અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

લી. આપનો દાસાનુદાસ

શા. વીઠલદાસ ગોકળદાસ.

હરીપુરા—સુરત.

અનુક્રમણીકા.

સત્યનો ભંડાર

રત્નસીંહ.

પ્રકરણ ૧ પહેલું.

રાજમહેલમાં ચોર.

એતો નક્કીજ છે કે જ્યારે ચંદ્રનો પ્રકાશ નથી હોતો ત્યારે આકાશમાં અસંખ્ય તારાઓ ચળકાટ મારી રહેલા હોય છે તે મુજબ આ વખતે એટલે રાતનાં બાર કલાકને સુમારે પણ તેવોજ દેખાવ જોતો એક વીર પુરૂષ ચાલી જતો હતો તેને જતાં જતાં એક ચાલતી કહેવત યાદ આવી અને તે બોલવા લાગ્યો કે મારવો તો મીરને ને લુટવો તો ભંડાર તસ્કર કોનું નામ

કે બાદશાહોનાજ ખજાના લુંટે ગરીબ બીચારી રઇયતને મારતા આપણો હાથ શું ભરાવાનો છે માટે ચાલ બસ એજ મારવો તો મીરને લુટવો તો ભંડાર બસ આનું આજ વાકયનેઉથલાવી ઉથલાવીને બોલતો ઝડપબંધ ચાલી જવા લાગ્યો જોત જોતામાં તે વીર પુરૂષ એક ભવ્ય રાજમહેલ પાસે આવી પહોચ્યો અને તેના શરીરપરનાં કપડા જોતાંજ માલમ પડતું હતું કે કોઇ ભીખારી પુરૂષ છે પણ શરીરે બળવાન અને તેજથી ભરપુર ચહેરો રાજમહેલનાં દીપકોથી દીપી રહયો હતો. તેના ફાટેલા વસ્ત્રોમાંથી તેનું સુંદર શરીર ડોકયા કરતું જણાયું હતું તેને માથાપર પણ એક ફાટેલો પોતીઆનો કટકો લપેટયો હતો માથાના સુંદર વાળ પણ તે કટકાથી લાજી મરતા હોએ તેમ કાંઇક દબાયલાને કાંઇ ડોકીઆ કરતાં જણાતાં હતાં એ વીર પુરૂષે ધીમે ધીમે રાજ મહેલનાં પગથીઆ પસાર કરવા માંડયા;

તસ્કર વીર પુરૂષે રાજમહેલની અંદરની તમામ ચોકી નીરખીને પસાર કરી ખાસ ભવ્યહોલમાં દાખલ થયો જ્યાં બેગમ સાહેબનું સયનગ્રહ હતું ત્યાં પણ દીપકો તો પ્રકાશી રહ્યા હતાં આ વીરને આવતો જોઇ જાણે તેજથી નીરતેજ બની ગયા હોય તેમ દેખાતા હતા આ બહાદુર પુરૂષે તે હોલમાં જતાંજ પોતે જે દરવાજેથી અંદર ગયો હતો તે દરવાજો બંધ કરી દીધો ને પછી ત્યાંની દરેક વસ્તુને ધારી ધારીને જોવા લાગ્યો બેગમ સાહેબા આ વખતે જો કે ભરનીદ્રામાં ઘોરતા હતાં એટલુંજ નહીં પણ તેમને તેમનાં શરીરનું પણ પુરેપુરૂં ભાન નહોતું તેમના મુખાર વીંદપર એક દીપકનો ઝાંખો પ્રકાશ પડતો હતો ચંદ્ર સમાન સુંદર ચહેરાપર જ્યારે આ ઝાંખો પ્રકાશ પડતો ત્યારે તે ચહેરો વધુ ખુબસુરત દેખાતો હતો તે ખુબસુરત દેખાવ ચહેરાનો જોવાને આજે આ વીર પુરૂષ ભાગ્યશાળી થયો

અહાહા જેનું મુખ જોવાને હજારો માણસ તર-ફડી મરે તો પણ ન મળી શકે તો આજે આ-સહેલ થઇ પડેલું જાણી એ પુરૂષ કાંઇક ખુશ થયો ને પ્રભુનો ઉપકાર માનવા લાગ્યો દીંગ મૂઢ થઇ ત્યાં ઉભો રહી થોડીવાર તો જોઇજ રહયો એ વીર પુરૂષનું વીચાર તરંગ અતી વેગથી દોડવા લાગ્યું કંઇ કંઇ શુભ અશુભ વીચારો આવવા લાગ્યા હું કોણ કયાં આવ્યો છું આ કેવો બનાવ આવી અલૌકીક સુંદરીના આજેજ દરશણ થયા હે જીવ તું સરોવર પાસેથી તરસ્યો કેમ જશે ગંગા જળ દેખી કોનું મન લલચાયું નથી અમ્રત પીવું કોને ગમ્યું નથી અરે પણ જીવ તું કયાં અસત્યે જાય છે ગમે તેવું આખરે પાણી તે પાણીજ કેની ગમે તેવી એ સુંદર છે પણ પાદશાહની બેગમ છે પીતાની પટરાણી છે માતુશ્રી સમાનજ છે વગર પ્રયાસે મળેલું અમૃત ફળ અમૃત સમાન નીવડતું નથી મહેનતના મરી

તીખા લાગતા નથી અને હરામનું પચતું નથી વાસ્તે મારે પણ એ નકામીજ છે જે કામને માટે તું આવ્યો તે કામ જલદીથી પુરૂ કરી રવાને થા નહીં તો સોનાના (લોખંડના) સાકળાં પહેરવા પડશે આ વાત યાદ આવતાં જરા ટટાર થયો જાણે ભાન આવ્યું હોય તેમજ હોશીઆર થયો ને પાછો ચોગરદમ નીહાળવા લાગ્યો બેગમ સાહેબનાં પલંગની પાસેના એક ટેબલપર એની નજર ગઇ તેવોજ ત્યાં જઇ તે ટેબલપર નાં દાગીના એક પછી એક નીહાળવા લાગ્યો વળી તે દાગીના અને બેગમ સાહેબના હાથમાં નાં દાગીના સાથે સરખાવવા લાગ્યો ગલામાંના હાર કરતાં એની પાસેનો વધુ કીમતી જણાવા લાગ્યો વળી તે નવો પણ દેખાતો હતો ત્યાર પછી બંગડીઓની સરખામણી કરવા માંડી બેગમ સાહેબનાં હાથમાંની બંગડી કરતા આ બંગડી હલકી છે માટે એ નહીં લેવી એવો નીશ્ચય

કીધો ને તે બંગડીપર મન લલચાયું આ યુવકે કોઇ દીવસ પણ તસ્કરનું કામ કરેલું નહી તેથી કાંઇક ડર ખાવા લાગ્યો પણ નાટકમાં જોયલી તસ્કરોની રીત યાદ કરી તે મુજબ ધીમે પગલે તે પલંગ પાસે ગયોને ઘણીજ ચાલાકીથી તે હીરા જડીત કંકણ (બંગડી) ઉતારી લીધી બાદ પાછા તે ટેબલ પાસે આવી ત્યાંના તમામ દાગીનાં લઈ તે ખંડનો ત્યાગ કરી આગળ ગયો બાદ બીજો એક નાનકડા ઓરડામાંથી પસાર થઇ આગલ જતાં એક લેખ વાંચવામાં આવ્યો કે "રાજદરબારી ભંડાર"માં જવાનો રસ્તો આ લેખ વાંચતાજ અચકાઇ જઇ આમ તેમ નજરને ફેરવી કે તુરત પુર્વનાં બાજુએ સીપાઇની ચોકી માલમ પડી તેથી ખાતરી થઇ કે ત્યાંજ રાજલક્ષ્મીનો વાસો છે દ્રવ્ય દેખી કોનું મન નહી ચળે આ વીર પુરૂષનું મન લલચાયું લેવી તો રાજલક્ષ્મી નહીં તો પાછા જવું એમ

નકકી કરી સીપાઇની પડખે ઉભો બાદ તે સી-
પાઇઓ કેવી હાલતમાંછે તેની તપાસ ત્યાંજ ઉભો
રહી કરવા લાગ્યો તે સીપાઇઓ આઠ જણા હતાં
તેમાં ચાર જણ તો લાંબા થઇને સુતા હતા બાકીના
ચાર જણમાં બે જણુ બેઠા બેઠા જોકકા ખાતા હતાં
અને બીજા બે જણા તો ઉભા રહી ખડો પહેરો
ભરતા હતાં તે બંધે ઉભેલા પહેરાગીરનાં
હાથમાં બધુક હતી અને કેડે તલવાર લટકતી
હતી અને સાથે બીજા પણ નાના નાના હથીઆરો
હતાં એ બંને જણા અવર નવર આવ જા પણ
કર્યા કરતાં હતાં રાજભંડારનાં દરવાજા બહુ
મજબુત અને તાળા તથા કાળેથી પણ દીધેલા
જણાતા હતાં તેથી હવે આ ગજલક્ષ્મી ને અ-
હીંથા કેવી રીતે લેવી તેનાં વીચારમાં તે બાહોશ
નર ગુંથાયો પોતપોતાના મનને કહેવા લાગ્યો કે
હે મન તને દૂખી કરી નાસી આવેલી લક્ષ્મી
દેવી તેજ આ મજબુત દ્વારમાં સપડાઇ પડેલ

છે તેને કોઇ પ્રયત્ને છોડાવી લઈ જવી એ તા-
રૂંજ કામ છે આ વીરપુરૂષને પોતાના મન
સાથે વાકય ચાતુરી કરતાં એક કુંચીનો ઝુમખો
સુતેલા ચાર સીપાઇઓની પાસેજ નજરે પડયો
અને તેથી ખુશ થઇ પોતાના મનને કહેવા લા-
ગ્યો કે હે મન તું ધીરજ ધર તારી ગયલી
લક્ષ્મી પાછી આવે છે મારી સત્યતાનાં બળ
આગળ કોઇજ જઇ શકતું નથી. અને કદાચ
જશે તો આ લક્ષ્મી દેવીની માફક પાછુંજ આ-
વવું પડશે. હો સત્યતા ! કીણુ સત્યતા! તારે
ખાતર હું આજ તસ્કર બન્યો મધ્ય રાત્રે રા-
જમહેલમાં ચોરી કરવા પેઠો આ મારા હાલ
બીખારીનો વેસ એ બધું તારેજ માટે; ઓ
સત્યતા તું રહી છે તો સરવસ રહેલું છે તું
ગઇ તો સરવસ ગયેલું છે માટે મારી દયાળુ
સત્યતા તું કયાંઇ પણ જઇશ નહી બધો ધન
ભંડાર જાઓ લક્ષ્મી જાઓ ધર્મ જાઓ આ-

કાસ પાતાળ એક થાઓ પણ રે સત્યતા તું ડગીસ નહી આ વીરપુરૂષનું આવું વાક્ય જોરથી બોલાઇ ગયુ સત્યનો સીનો રૂંવે રૂંવ વ્યાગી ગયો સત્યતાનો પ્રકાશ ચોગરદમ જણાવા લાગ્યો ને જુજ વખતમાં સત્ય દેવી આવી હાજર થઇ રૂમ ઝુંમ કરતી સુંદર દેવાંગના રૂપે દેવીએ કહ્યું કે હે રત્નસીંહ હું હવે તારી બંધાયલી ફક્ત ૭ કલાકનીજ છું આજ ત્રીશ વરસ થયાં તારે ઘેર વાસ કરી હતી પણ હવે મારે જવાનો વખત નજદીક આવેલો છે માટે તને ચેતાવાજ આવી છું કે ૭ કલાક પછી તારી પાસે સત્ય દેવી નહી. રત્નસીંહ કહે દેવી જેવી રીતે સત્યતા આટલા વરસ પાળી રહ્યા છું તેવીજ રીતે હજુ પણ પાળીશ મારો વાયદો પુર્ણ કરવાને ખાતર હું ક્યાં આવ્યો છું તે આપ જુઓ છો સત્ય દેવી કહે તો ઠીક ત્યારે હું ગમન કરૂં છું એમ કહી જેમથી

આવ્યા હતા તેમ ચાલી ગયા બહાદુર વીરપુરૂષ અરે (તસ્કર પુરૂષ) રત્ન ડેહ દેવી સત્યતાનાં ગયા બાદ સીપાઇઓની હાલત જોતાંજ માલમ પડ્યું કે આઠે સીપાઇઓ લાંબા થઇ સુતેલા છે આનું કારણ શું હશે એ ફરતા પેહેરેગીરો ક્યાં ગયા હશે મારો શબ્દ તો નહી સાંભળ્યો હોશે અને તેથી કદાચ બાદશાહને જાહેર કરવા ગયો હોય (વીચાર બદલીને) અરે બાયલા રત્નસીંહ બસ આટલુંજ પાણી આ આવા સીપાઇઓથી શું ડરી જાએ છે તારી ત્રીસ વરસની મેળવેલી ફતેહ એક છ કલાકમાં ગુમાવવી. પડશે રાઠોડ રત્નસીંહ તું ધારે તો આ આઠે સીપાઇઓને પુરો પડે એમ છે પણ નહી. તારે અસત્યપણે તો નજ વરતવુ જોઇએ. એતો દેવી સત્યતાએજ સગવડતાં આટલી કરી આપેલ છે. માટે ઝટ તૈયાર થા આવી રીતે આ રાઠોડ રત્નસીંહ જોસમાં આવી ગયો ત્યાં સુતેલા સી-

પાઇઓની પણ દરકાર ન રાખતાં એકદમ તે કુંચીનો જુમખો લઇ દરેક દરવાજાનાં તાલા તથા કલ ખોલી નાંખી દરવાજા ઉઘડતાંજ લક્ષ્મીદેવીનાં દરશણ થયાં અને સાથે રાજભંડાર ની તમામ થેલીઓ નજરે પડવા લાગી. લક્ષ્મી દેવી કહે સત્યવાદી રત્નસીંહ હજુ હું તારી થઇ નથી તું અહીંથી લઇ જશે તે ફોગટ છે નકામાં તારે ભારે મરવુ પડશે જ્યારે મારો અમલ થશે ત્યારે હું મારી રાજી ખુશીથી તને વગર મહેનતે આવી મલીશ. તે તસ્કર પુરૂષ કહે ભલે તું તારે તારી ખુશીમાં આવે ત્યારે આવજે પણ હાલતો જે હું કામ કરવા આ-વ્યો છું તે કરીને જઇશ. રત્નસીંહે ઉપરનું વાકય કહી રહેતાંજ રત્ન તથા મોહોરની થેલી લઇ પાછલા બારણાનો રસ્તો લીધો તે મજબુત ઓરડાની બહાર નીકળતાંજ એક સીપાઇએ જોયો (જે આંકમાનો) એક જાગ્રત થયો હતો

આ તસ્કરને તસ્કરનું કામ કરી જતો જોઇ તેની પાછળ દોડયો. આ રત્નસીંહે માથે લપેટેલા ધોતીઆનાં કટકાનાં એક છેડામાં તે થેલીઓ તથા દાગીનાં બાંધી લઇ એક પોટલું બનાવ્યું હતું તે મજબુત પકડી નહાસવા માંડયું નાસ્તા નાસ્તા તે સીપાઇએ આ રાજમહેલ નાં છેલા પગથીઆ ઉતરતાં પકડી પાડયો ને બોલ્યો હરામખોર બાદશાહ કે મહેલમેસે ચોરી કરકે જાયગા કીસ હેવાન કી મગદુર હય કે લે શકેગા આ સાંભળી બહાદુર રત્નસીંહે જોયું કે આતો ફસાયા પણ તુરત ચાલાકી વાપરી–હરામ ખોર કહેનારને એક લાત એવી મારી કે ગુલાંટ ખાતો જમીનપર ગબડવા લાગ્યો અને પોતીકે ત્યાંથી દોટ મુકી તસ્કરનું કામ કરી નહાસી જનાર રત્નસીંહે પાછું ફરી જોયું કે એક સીપાઇ મારી પાછળ લાગ્યો છે પણ કાંઇ ફીકર નહી એને પણ જોઇ લઇશું એમ કહી આડે

અવળે રસ્તે પસાર થવા માંડયું. આ દુનીયામાં ધારોજ છે કે સત્ય ચાલનારને દુઃખ પડે છે ને પાપી પ્રપંચ કરી અતી મોજ શોખ મેલવી સુખી રહે છે જોઇએ છઇએ કે વધુ વખત સુખ દુઃખ કોણ ભોગવે છે.

પ્રકરણ ૨ જું.

ચાર ચોર

જે વખતે બહાદૂર રત્નસીંહ બાદશાહનાં મહેલમાં ચોરી કરવા જવાના વીચારમાં હતાં તેજ વખતે તેમના બારણા આગળથી ચાર ચોર પસાર થતાં હતાં આપણે રત્નસીંહનું કૃત્ય જોઇ વળ્યા પણ હવે આ ખરા ચાર ચોર-નું કૃત્ય જોઇએ ખરા ચાર ચોર કોનું નામ

કે જે હંમેશના એમાં પાવરધા થયા હોય અને
આ ચોરો પણ તેમજ હતાં એટલુંજ નહીં
પણ એક બે વખતની જેલ કોટડીની જાત્રા
કરી આવેલા હતા એમ તેઓની નીચેની વાત
ઉપરથી સાબીત થતું હતું અંધારી રાતના
અંધારારૂપ કાળા વસ્ત્રો પહેરી નીકળેલા ઉપલા
ચોરો મહોલ્લામાંથી પસાર થતા હતા તેવામાં
તેમાંથી એક ચોર બોલ્યો કે ઓ ભાઇઓ હવે
તો કોઇ ઠેકાણે બેસો તો સારૂ કારણકે મારો
બેડથી છોલાયલા પગે બહુજ દુખે છે અરે
એતો આપણેજ એવા થઇ રહ્યા તેથી આવ્યા
છીએ નહીં તો બીજા કોઇ આવી શકે નહીં
કહો ભાઇઓ તમે કેદમાંથી છુટીને તેજ દીવસે
ચોરી કરવા નીકલશો બીજો ચોર કહે ઓહો
એમાં તે શું હમે પણ તેમ કરીએ છીએ ને
હજુ પણ તમે જોશો આ મુજબની વાતો કરતાં
એ ચારે કાલા ચોર તે મહોલ્લો વટાવી બીજા-

માં અને બીજે ઓળંગી ત્રીજામાં જ્યારે ગયા ત્યાં એક ઓટલા ઉપર બેસી સામુના ઘરની તપાસ તથા હીલચાલ જોવા લાગ્યા જોતા અને તપાસ કરતાં તમામ શાંતતા માલુમ પડી એટલુંજ નહી પણ તે આખા મહોલ્લામાં તમામ ઉંઘી ગય છે એમ આ ચોરોને લાગ્યું ઘરમાં તો પછી ગમે તેમ હોય તે તો પ્રભુ જાણે પણ આ ચોરોએ તો એમજ નક્કી કીધું કે સર્વ ઉંઘી ગયા છે તેથી પછી પોતે પોતાનું કામ આગળ ચલાવવા માંડયું તે મકાનને ખાતર પાડવાની જગાને શોધવા માંડી એકે કહ્યું કે આ જગ્યા સારી છે ત્યારે તે બીજાએ પ્રસન્ન કરી નહી પણ આખરે જુજ વખતમાં તેનો નીકાલ નીકળી ગયો અને બાકોરૂં પાડવાનું મુરત કીધું અને તરતજ એક સીપાઇ રોન મારવા આવ્યો તેથી આ ચારે ચોર આઘા પાછા સંતાઇ ગયા અને તેના ગયા બાદ પાછા

પોતાને કામે લાગ્યા બે જણ તે કરામાંની ઇંટો કહાડવાનું કામ કરતાં હતાં અને બીજા બે જણ બે બાજુએ તપાસ રાખતા હતાં આવી રીતે એ બે બાજુએ ખાતર પાડવાનું કામ અત્રે થતું હતું હવે એજ મકાનની અંદર જાણવાજોગ હકીકત બની ગઇ છે તે આપણે અગત્યહોવાથી તથા આ વાત સાથે સંબંધ હોવાથી આપણે હવે તેનું અવલોકન કરીએ.

સમીસાંજને વખતે ઘણાક દુકાનદારો પોતાની દુકાન બંધ કરીને જતાં હોય છે તે મુજબ એક દુકાનદાર નામે અસત્યલાલ કેટલાક રૂપીઆની થેલી લઇ ઘેર જતો હતો ઘર નજીક આવતાં તેની સ્ત્રી સત્યવતીએ તેને જોયો જોતાંજ અતી નીરાશ થઇ ને મનમાં અનેક ઉદગાર કાઢવા લાગી કે વળી આજે કોઇનું વસ્ત્ર લોચન કરી આવતાં જણાય છે એમને હરામનોજ દલ્લો લેવાનું ગમે છે તદન તરકટી

નામું બનાવી તેના નાણા જબરાઇથી અને ઠગાઇથી પડાવી લે છે હું સત્યતંતી સાચુ બોલી જેટલો વખત કાઢું છું તેટલોજ બલકે તેથી વધારે એ પોતાનો વખત જુઠું બોલવામાં કાઢે છે અરે પ્રભુ મારે એને કેવી રીતે બોધ આપવો હું એમને કહી કહીને થાકી કે તમે સાચું બોલો પણ એ તો માનતાંજ નથી ને ઉલટું મને જુઠું બોલાવવાને પ્રયત્ન કરે છે માટે હે ઇશ્વર હે સત્યનારાયણ હે સતી દેવી સત્યતા હું તો આપણે શરણે છું મારો સત્યનો ટેક રાખવો આપણાંજ હાથમાં છે આ છેલ્લા વાકયો ઘરમાં આવતા અસત્યલાલને કાને પડયાં મનમાં ચીડાઇને કહેવા લાગ્યો કે એ સત્યતાનું પુછડું જો આ બે હજારની કોથળી તે દીવસે જે ખોટી રકમ ઉધારી હતી તેનાંજ આ ફળ બોલ ત્યારે તું સાચુ બોલીને ફાવી કે હું જુઠું બોલીને ને લખીને ફાવ્યો તે કહે હજી પણ

તને કહું છું કે મારૂં કહેવું માન ને જુઠું બોલ ને પછી જોજે કેવા ફાયદા અને લાભો થાય છે સત્યવંતી કહે આ તમારો અસત્યનો પૈસો આખરે હરામ માર્ગેજ જશે અસત્યનું ધન ગ્રહી કોણ સુખી થયું છે અસત્યનો પૈસો એજ નરકનું દ્વાર છે જુઠાણું કયાં સુધી ટકી શકશે નહીજ ટકે આખરે પાપનો ઘડો ફુટશેજ અને ખાધેલા નાણા ઓકવા પડશે માટે કાંઇ વીચારો ને સત્યે ચાલો અસત્યલાલ ખીજવાઇને કહેવા લાગ્યો જે આ સત્યતાનુ ડીંગલું જાણી હવે તને લાવ લાવતી હોય તો ખાવાનું પીરસ જાણે જંપીનેજ બેસવાજ નથી દેતી ઘરમાં આવ્યા કે બક બકારો ચાલુ થયો આ સાંભળી સત્યવંતીએ ઉઠી થાળ પીરસી અને અસત્યલાલ જમવા બેઠાં જ્યાં થોડુંક જમણ જમાઇ રહેતાં સત્યવંતાએ પાછી વાત ઉચકી પોતાનો સીદ્ધાંત કબુલ કરાવવા માંડયો પણ જેનું નામ

અસત્યલાલ તે કેમ બને સત્યવંતી કહે સ્વામી-
નાથ આ અસત્યના પૈસાનું અન્ન કાંઇ સ્વાદ
લાગતું નથી પણ ખરી મહેનતનો પૈસો જે
લોક ખરચે છે તે લોક કેવા આનંદમાં દીવસો
ગાળે છે અને તમારે ત્યાં જ્યારથી
અસત્યનો પૈસો આવવા માંડ્યો છે
ત્યારથીજ આ કજીઆબાઇ અને કંકાસીબાઇએ
ઘર કર્યું છે ઘરમાં આવી વસ્યાંછે અસત્યલાલ
કહે અમારો અસત્યનો પૈસો છે તો તું નહી
ખાતી કોઇ બીજા તાહારા વાહાલા હોએ તેને
ત્યાં જજે સત્યવંતી કહે અરે પણ હું તમોને
એટલું સું કહું છું હરામનો પૈસો હરામ માર્ગે
જાય છે એતો સર્વે કોઇ જાણે છે પણ તમારા
જેવા ઘઉંમાનાં કોઇક કાંકરા જાણતા નથી
પણ એટલુંજતો નક્કીજ છે કે ચોરીનો માલ
ચંડાળે જાય અને અસત્યનો પૈસો ચોર લુટી
જાય વળી યાદ રાખજે કે આ અસત્યની આવે-

લી થેલી અસત્ય માર્ગેજ જશે કાંતો ચોર ચોરી
કરી જસે અગર લુટારા લુટ કરી જશે
અસત્યલાલ કહે [ગહ્ક ખીજવાઇને) અભાગણી
સુખે ખાવા નહી દેવાની લે તું તારો ભાચરો
ભર જા મારે નથી ખાવું એમ કહી હાથ
ધોઇ નાંખી રીસાઇ જઇને પથારીમાં સોડ
તાણી સુઇ ગયા આ અસત્યલાલને રીસાઇ
જતાં જોઇ સત્યવતી તરતજ ઉઠીને પાછળ
દોડીને જ્યાં સુતા હતાં ત્યાં જઈ પહોંચી અને
કાલાવાલા કરી કહેવા લાગીજે ઉઠો ઉઠો મારા
સમ તમને હવે કાંઇ પણ નહી કહીસ ચાલો
ઉઠો મારેસું હુ તો તમાગ ભલા વાસ્તે કહેતી
હતી સ્યાણી બાઇડીઓને એજ ફરજ છે જ્યાં
ઉપર મુજબ મારા સમછે આ સોગન જ્યાં
ખાધાકે આપણા અસત્યલાલ તરતજ ઉઠયા
ને આવી પેટ ભરીને ખાઇ લીધું લેખક કહે
(મનમાં) સત્યવંતીએ પોતાને બોલવાની બારી

રાખી હતી પણ ભોળા અસત્યલાલને તેની ગમ પડી નહી ને રાજી થતાં થતાં કહેવા લાગ્યો જે કેમ મેં તારી પાસે કેવું કહેવડાવી કબજા માં લીધી છે કે જો હવે પછી તું મને જુઠું બોલવાની ના કહેસે તો તુંજ જુઠા બોલી ઠરસે સત્યવંતી કહે ભલે હાલમાં તમે રાજી થાવ બાકી હું કાંઇ એવા શબ્દ બોલુંજ નહી કે જે માં કાંઇપણ અસત્યપણું આવે તે શબ્દોનો તે ખુલાસો બીજી કોઈ વખતે થઇ રહેસે હાલતો મારે ઘણું કામ છે તે કરવાદો એમ કહી પોતે જમવા બેઠી અને આ અસત્યલાલ પાન સોપારી ખાવા ચાલી ગયા બાદ આ સત્યવંતીએ પર- વારી પોતાનાં સ્વામી પાસે ગઇ છતાં ઉપલી વાતને ન યાદ કરતા બીજીજ વાતો કરી બાકીનો વખત ગુમાવી નાંખ્યો અને જયારે સુવાનો વખત થતાંજ સૌ સુવાને ગયા આખા દીવસનાં થાકેલાં મહેનતથી કે કજીઆ કંકાસ

થી ગમે તેમ કહો પણ થાક બહુ લાગેલો તેથી સુતાને વાર ઉંગીજ ગયા તેમાં વળી પહેલીજ ઊંગ એટલે પછી તીંની નરાજ [હથીઆર)નો અવાજ કોણ સાંભલે પેલા ચોરો પોતાનું કામ એવી ચપળતાથી ચલાવતા હતા કે કોઇ જાણી શકેજ નહીં અવાજને જેમ બને તેમ રોકી રાખતાં હતાં અને ખોદવાનું કામ કરતાં હતાં જોત જોતામાં એક ઇંટ કહાડી એક જણ ખુશી ખુશી થયો તેવોજ બીજો જે તાં ઉભો હતો તેને બાકીનું કામ પુરૂ કરી પોતે અંદર જઈ શકે એટલું બાકોરૂં પાડયું બાદ એક જણે અંદર જઇ પેટી પેટારાનાં તાળા ભાંગી દાગીના તથા પેલા રૂપીઆ સત્યતાના એટલે [અસત્યતાના) ની થેલી સુધ્ધાં લઇ ત્યાંથી રવાને થયા આ વખતે સત્યવંતી ભરપુર ઉંઘમાં સ્વપનું જોવા લાગી કે મારા સ્વામીને મેં નાકહયાં છતાં અસત્યનો પૈસો લાવી ઘરમાં મુકયો અને જાણે

હમે ઉંગી ગયા બાદ ચોરોએ આવી હમારા ઘરમાં ખાતર પાડી તે રૂપીઆ તથા તેની સાથે મારા દાગીના પણ લઇ ગયા હાય હવે સું પહેરીશ એમ ચીંતા પેઠી અને તેની સાથે મોટેથી બુમ પડાઇ ગઇ તે આ અસત્યલાલે સાંભળતાંજ જાગી ઉઠી કહેવા લાગ્યોજે કેમ ઉંગમાં પણ એનું એજકે જે માણુસ બહુ ડાહયું હોય તે ઘણું ખરડાય જા જા ઉઠ ને પાણીથી હાથ પગ ધોઇ સુઇજા કે ફરી એવું ખરાબ સ્વપનું આવે નહીં આ સબ્દો ઉંગમાં જાણે સત્યવંતીને તો જાણે ચોર લોકો વાતો કરે છે એમ લાગ્યું અને તેથી એ બીહવા લાગી ને મોટેથી બુમ પાડી ઉઠી કે લુટારાઓ લુટી ગયા આ અસત્યલાલે તો આ બધુ અસત્ય જા-ણ્યું ને કહેવા લાગ્યો જે મુંગી મુંગી મરી રહેની નીરાંતે ઉંગવા પણ દેતી નથી. અને અ-હોયા તો કોઇએ મુવો નથી એમ કહી ઢંઢોળીને

ઉઠાડવા માંડી મોં ઉપર પાણી છાંટતાં તુરતજ સ્વપ્નનો નાશ થયો અને ને ઉઠી શું છે મને કેમ ઉઠાડી ઉલટું એમ પુછવા લાગી.

પ્રકરણ ૩ ત્રીજુ

સત્યતાનો સહો.

સવારનાં પોહોરનો મંદ મંદ વાયુ રમી રહ્યો હતો સુર્યનાં કુમલા કીરણો ચોગરદમ પ્રસરી રહ્યા હતાં. નાજુક સ્ત્રીઓ હાથમાં બેડું લઇ પાણી ભરવા જવાનો વખત પણ એજ હતો અને ભાવીક ભક્તોને મંદીરે દરસણાર્થે જવાનો સરલ જે રસ્તો તે આજ હતો મતલબમાં કહેવાનું કે દરેક સખ્સને અનુકુળનો મોટો રસ્તો આજ સૌથી સર્વોત્તમ હતો આ

વીસાળ રસ્તાપર ચારેક જણા ભેગા મળી વાતો કરી રહ્યા છે તેમાં એક પુરૂષ અતી દેખાવડો અને ભરજુવાનને બાંધી દડીનો નજરે પડે છે તેની સાથના બીજાઓ પતલા અને અણુશુશોભીત છે તેમાં એક તો છેકુજ કદરૂપો અને કમ અ-ક્કલનો પણ બોલવાની છટાએ પુરો છે તે બક બકારાદાસે ઉપલા દેખવડા પુરૂષને કહ્યું કે કેમ ભાઈ રત્નસીંહ આજ શું રૂખ લાવ્યા છો ગામ સેંનાપર બેઠુ છે કેમ કાંઇ કાલે ખાટયા કે નહી રત્નસીંહ કહે ભાઇ બકબકરાદાસ આપણે તો આપણી સત્યતા દેવીના પ્રતાપથી ઠીક છે દરરોજ કાંઇ નઈ તો કાંઇ મલ્યાજ કરે છે માતાજીની મહેર છે. ગામ તો સાતપર બેઠેલું સંભળાય છે ને મારૂ તો આઠનું ધ્યાન છે આ સાંભળી બકબકારાદાશ તો ચુપ રહ્યો પણ તેની પાસે એક જુઠાલાલ કરીને ઉભો હતો તે બોલ્યો કે ભાઇઓ એતો સત્યવાદી પુરૂષ છે સત્યવાદી

હરીશ્ચંદ્રને કેવો રાજ વભવ હતો તો પછી એ મને એ પૈસા મલે એમાં નવાઇ શું આજ સત્ય બોલનાર કોણ છે. કોની માતાએ રત્ન જણ્યા છે કે સાચુ બોલીને જીવે આજ તો જયાં જોઇએ ત્યાં જુઠ જુઠને જુઠજ જોવામાં આવે છે. જુઠામાંજ જનમારો કાઢતા જણાએ છે ભલે એમના જેવા (રત્નસીંહ જેવા) સત્ય-વદી દુનીવામાં વસે છે તો આ પૃથ્વી ભાર જીલે છે નહીં તો કયારની એ રસાતાળ ગઇ હોત એટલામાં એક ખાખી દ્રેસવાલો ત્યાં આ-ગલથી બાઇસીકલપર પસાર થયો તેથી એ લોકોએ જાણ્યું કે કાંઇક વધુ ખબરનો તાર હશે કાલનું વેચાણ ફરી ગયું કે શું એમ જાણીને એ ચારે જણા ત્યાંથી સટ્ટા બજારમાં ચાલ્યા વાંચનાર તારે પણ જો ત્યાંની મજા લેવી હોય તો આ લેખકની સાથે ચાલ ત્યાંની અદ્‌ભૂત લીલાને જાણવી હોય ત્યાંના સુંદર ગાયન સાં-

ભળવા હોય અને ત્યાંની રળિયામણી તાલમેલ નજરે જોવી હોય તો તૈયાર થાવ.

પ્રીય વાંચક આપણે સટ્ટાબજારમાં આવી પહોંચ્યા તો ખરા ત્યાંના ગાન (લોકોના મોટા ગાંટા) આપણે કાને સંભળાવા લાગ્યા ખરાં હવે પેલો તાર વંચાઇ ગયો તેમાં તો રૂખ બતાવી હતી અટલે ઝાઝી ગડબડ થઇ નહિ. પણ સોદા થવા લાગ્યા તેજી મંદીનાં પોકાર થેઇ થેઇ નાચાં રહયા જેમ જેમ વખત જવા લાગ્યો તેમ તેમ લોકો વીશેષ આવતું ગયું લો-કોની ભીડ થવા લાગી પુર્ણ જોરથી જોટાનો સોદો થયે જતા હતો એટલામાં એક ગંભીર બનાવ બન્યો લોકો નાસાનાસ કરવા મંડી ગયા કોઈ આમ નાસે તો કોઇ નાસે એમ થઇ રહ્યું નાસી કેમ જાય છે તે જણાતું નથી એટલામાં તો પોલીસનું ધાડું આવી પહોચ્યું ને તમામ શટોરીઆઓને ઘેરીલીધા અને ત્યાંની તથા

તેમની પાસેની દરેક વસતું જપતકરવા માંડી એટલામાં આપણા શત્યવાદી શેઠ રત્નશીંહ સૌથી આગલ આવી પહોચ્યાં અને સીપાઇ ભાઇ શું કરે છે તે જોઈ રહયા શીપાઈ ભાઇએ તો દરેકના નામ ઠામ નોંધી લેવા માંડયા ને જોઇ શત્યવાદી રત્નસીંહ કહે ભાઇઓ બાદશાહનો સો હુકમ છે તે જાહેર તો કરતા નથી ને ત્યાર પહેલા તો લોકોનો માલ જપ્ત કરો છો એ કોના ઘરની રીત શું સીપાઇ ભાઇ થયા તે રૈયતને પાળવા કે મારવાને; શીપાઇ કહે હમોને શખત હુકમ થયો છે કે સટ્ટો કરનાર કોઇબી શખ્શને પકડી બાંધીને લાવો ને તેમનો સરસામાન જપ્ત કરો માટે તમો સર્વેને હમે હમારા ઉપરીપાસે લઇ જઇશું આ સર્વેને સટ્ટો કરાવનાર શેઠ તરીકે હાલતો રત્નસીંહજ હતા રત્નસીંહ સાચુ જ બોલે છે એમ દરેકને વીસવાસ પડી ગયો હતો તેથી આ વ-

ખતે પણ એ રત્નસીંહે કહ્યું જે હે સટોરીઆ ભાઇયો હું તમોને છોડાવીશ કોઇ ગભરાસો નહિ એમ કહી આ સીપાઇઓનો ઉપરી લાલખાં કરીને હતો તે ત્યાંથી થોડેક દૂર એ સીપાઇને સાથે રાખી ઉભો ઉભો તમામ બીના જોઇ રહ્યો હતો તેની પાસે આપણા આ સત્યવાદી શેઠ આવી પોહોંચ્યા મસલત ચલાવી બંને જણા કાનકરડવા લાગ્યા જોતજોતામાં સમજુતી થઇ ગઇ એક સીપાઇ આવીને કહી ગયો કે સર્વેને છોડી દો દરેકની વસ્તુ દરેકને આપી દો આ મુજબ સર્વે છુટી ગયા સીપાઇભાઇ ચાલ્યા ગયા સર્વે સટોરીયા છુટયાં તેથી પુર આનંદમાં આવી ગયા ને પાછો ધમધોકાર વેપાર ચાલવા માંડયો હજારોનાં સોદાં આપ લે થવાં લાગ્યા જે જે શબ્દો જેના મોંમાંથી નીકળે તે પસાર બોલીને ફરે નહિ એવો સખ્ત સત્યવાદી રત્નસહીંનો હુકમ હજારો રૂપીઆના સોદા એક જીબાનપર

થઇ જતાં અને તે બીજે દીવસે તેના રૂપીઆ તાબડતોબ ચુકવઇ જતાં આ સત્યનો સટ્ટો આવી રીતે જબરજસ્ત ચાલતો હતો પણ આખરે એમાં કોઇ તરતું નહોતું કોઇ કોઇ દલાલીમાં પૈસા પેદા કરતું આ રત્નસીંહ જેવા તો વળી વીશેષ પેદા કરતાં પણ એ તેસ પગલાનો પઇશો કોઇની પાસે રહેતા નહીં ઘણાકાના ઘર ખાલી કરાવી નાંખ્યા હતાં ઘણાકોના ખાખા વીખી કરીને પાયમાલ કીધા હતાં કંઇકને તો શરીરપર પુરૂં કફન પણ રહેવા દેતો નહી આબરૂથી એ આબરૂ કરતો ડરતો નહી આવા આવા અવગુણો ની જ્યારે બાદશાહને ખબર પડી ત્યારે બાદશાહે સર્વ પોલીસનાં ઉપરી નામે શીતળવંતનાં ઉપર મનાઇ હુકમ મોકલી આપ્યો જે મનાઇ હુકમ આગલ વાંચવામાં આવશે જે મનાઇ હુકમ શીતળવંતે મીયાં લાલખાં ઉપર મોકલી આપ્યો હતો અને એ લાલખાંએ તેનો અમલ પણ

બજાવી દીધો હતો પણ પાછલથી કાંઈક સમજુતી થવાથી સર્વને છોડી દીધાં હતાં એ વાંચક વૃંદને કહેવાનો કાંઈ જરૂર નથી ત્યાર બાદ સર્વ સટોરીઆઓએ છુટા પડતી વખતે આવી પડેલી આપદામાંથી છુટા કર્યા તેની શાબાસી આપી હતી એ વાતથી વાંચક અજાણ ન રહી જાય માટે ખાસ પાછલથી જણાવવાની રજા લઉછું સીપાઈઓનો ઉપરી મીયાં લાલખાંએ શીતળવંત પાસે જઈ જાહેર કીધું કે સર્દાબજારમાં કોઈ પણ સટોરીઓ હાજર રહેલો ન હોતો તમામ નાસી ગયા હતાં આપે જરાક વહેલી ખબર આપી હોત તો હમે જરૂર પકડી લાવી આપની સામે હજર કરત આટલું કહી લાલખાં ચાલી ગયો,

પ્રકરણ ૪ ચોથું.

" સત્યતાની કસોટી "

ગામને નાકે બગીચાની અંદર એક અલાયદો બંગલો હતો એ બંગલો દેખાવમાં સુંદર તેમજ સાદો હતો એ બંગલાને ઓટલે બે બાંક મુકેલી હતી અને તેનાપર સરકારી સીપાઇઓ હમેશ બેઠેલા જણાતા હતા તેથી એમ શાબીત થતું હતું કે આ બંગલામાં કોઇ અમલદાર રહે છે એ અમલદાર આગળ શીતળવત રહેતા હતાં એનો સ્વભાવ બહુજ ખંતીલો હતો હાથમાં લીધેલું કામ પુર્ણ કરે ત્યારેજ સાંતા વળતી હતી એ આ વખતે બારી આગળ ખુરશી પર બેઠાં હતાં એટલામાં દરબારમાંથી એક ઘોડે સ્વાર કાગળ લઇ આવી પહોંચ્યો કાગળ

ચોકીવાળો સીપાઇ લઇ ઉપર આવ્યો નમન કરી શીતળવંતને આપ્યો બહાદુર શીતળવંતે તે કાગળ વાંચી અચ્છા જાઓ એમ કહીને ઘોડે સ્વારને વીદાય કીધો બાદ તેજ કાગળ અને સાથે એક ચીઠું પોતે લખી લાલખાંને ત્યાં મોકલી દીધાં તે કાગળ જનાર સીપાઇની પાછળ બીજા બે ઘુપાડરેશવાલા નોકરોને હુકમ કીધો કે જાવો તમે તપાસ કરો કે લાલખાંને ત્યાં મોકલેલા કાગળનો ઉપયોગ કેવી રીતે થાય છે ને તે શું કરે છે અને એ જ્યાં જાય તાં પાછળ જજો ને ત્યાં શું કરે છે તેની પુરેપુરી તપાસ કરી પાછા વહેલાસર આવો આ સાંભળી તે નોકરો ગયા ત્યાર બાદ આ સરવે લશકર સીપાઇઓનો ઉપરી શીતળવંત સાહેબે ભોજન લઇ બપોરનો આરામનો વખત ગાળવા લાગ્યા તે બાબતમાં પેલા લાલખાં સાહેબ આવીને નીચેના પેરાના મોલીસને કહી ગયા કે સાહેબ

નીંદ્રામાંથી ઉઠે ત્યારે તેમને કહેવું કે સબ સ-
ટ્ટાવાળા લોક ભાગ ગયેથે એ લોકકુ મનાઇ હુકુ
મ દે દીયા હય અબ કોઇ કરેગા નહી એવું
કહી તે ત્યાંથી જતો રહ્યો આ વખતે ઉષ્ણ
તાપ કાંઇક નરમ જણાતો હતો પવન પણ કાંઇ
થડો થડો વાવા લાગ્યો હતો તે વખતે આપણા
આ લશકરનાં ઉપરી સાહેબ શીતલવંત ઉઠયાને
ને મોં ધોઇ પેલા નોકરો સાથે વાતચીત કરવા
મંડી ગયા પેરાવાલા સીપાઇ એ તરતજ મોં-
કાણુની ખબર આપી હતી શીતળવંતજીએ પો
તાનાં નોકરની તમામવાત સાંભળી લઇ તેને
બીજા કામની તપાસ માટે વીદાય કીધાં બાદ
પોતે કપડાં પેહેરી ગાડીમાં બેસી ગાડીવાળાને સટ્ટા
બંજાર તરફ હાંકવાનો હુકમ કીધો ગાડી
પુર પાટ ચાલી ને જોત જોતામાં સટ્ટાબજારમાં
આવીને ઉભી રહી સટોરીઆઓએ આ અમ-
લદારને જોઇ પાછા બીહવા લાગ્યા અને નહા-

શવાની તૈયારી કરતા હતાં એટલામાં સત્યવાદી રત્નસીંહ આવી પહોંચ્યા સર્વેએ તેમને એ વાતથી વાકેફ કીધાં સત્યવાદી રત્નસીંહે તેમને શાંતા આપી ગુપચુપ બેસી રહેવાનું કહ્યું ને પછી પોતે તે અમલદાર પાસે ગયા સલામ કરી ઉભા રહ્યા. સીતલવંત કહે રત્નસીંહ તમોને સરકાર સાહેબનો મનાઇ હુકમ મળ્યો નથી મેં પોતે તેને અહીં મોકલ્યો હતો રત્નસીંહ કહે જી હા તે આવ્યા હતા હમોને તે કહી ગયા કે સટ્ટા કરનારને પકડવાનો હુકમ છે હમોએ તેનું મન મેલવ્યું છે ને તે ગયા છે પણ માનવંતા સાહેબ હમારી એક અરજ આપની પાસે પણ છે તે સ્વીકારશો; સીતલવંત કહે તમે સત્યવાદી પુરૂષ છો માટે હું તમારી વાત સાંભલીશ કહો જલદી કહો વાંચનાર તું પણ જો સત્યવાદી પુરૂષ હોય તો તમને પણ આવા અમલદાર સાથે વાત કરવાનું મલને જુઓ સત્યવાદીને

કેટલો લાભ ત્યારબાદ રતનસીંહ કહે સરકાર
સાહેબનો એવોજ હુકમ હશે કે સટ્ટો કરવો
નહિ અથવા કોઇને કરવા દેવો નહી તે વાજબી
છે પણ હમો બધાં હવે બીજો કયો ધંધો
શીખવા જઇશું વારૂ વળી હમે આજ ધંધામાં
પાવરધા થએલા એટલે એનાંજ સુગમ પડે
બીજો ધંધો કરવા જતાં કંટાળો આવે પેલી
કહેવત છે કે મુક કરતાં મોચીના મોચી
મોચીને આખરે મોચીનાજ ધંધો પ્રસન્ન આ-
વ્યો હતો તેમ હમોને આ ધંધો અનુકુલ આ-
વેલો છે અને તે જ્યારે તમે બંધ કરાવશો
ત્યારે હમોને ખાવાના ફાંફાં પડશે હમારી પાસે
નાણાં ખટશે તે હમે કયાંથી લાવીશું ચોરી
કરવા જઇશું કે ઘર ફાડશું ના ના અમલદાર
સાહેબ સાચું બોલતે વધુ કાંઇ બોલાય જાય
તો માફ કરશો ને જુવાબ આપવા મહેરબાની
કરશો શીનગારાંત કહે રતનસીંહ એ બધી દલીલ

આપની કદાજ ખરી હશે પણ સરકાર સાહે-
બનો એ ધંધાને માટે સખત મનાઇ હુકમ છે
માટે હું તમોને પણ કહું છું કે તમારે એ
ધંધો કરવો નહીં અને બીજાની પાસે કરાવવો
પણ નહીં અથવા તો બીજાને કરવા દેવો નહી
એ વાત કબુલ કરો નહીં તો હમણાજ તમોને
બાંધી કેદ કરી લઇ જવામાં આવશે રત્નસીંહ
કહે અમલદાર સાહેબ જોજો હું બીવડાવશો નહી
તમારી બેડી મારા સત્ય આગળ પાણી ભરે
છે પાણી અમલદાર સીતળવંત આ સાંભળીને
કાંઇક ગુસ્સામાં આવી જઇ પોતાનો અમલ
કેમ બજાવાય છે તે બતાવવા ખાતર એક
સીસોટી જોરથી ફૂંકી કે તુરત ચાર જણ
ચાર બાજુએથી આવી પહોંચ્યા તે દરેકની પાસે
હથીયાર તથા બેડીઓ હતી તે લોકે આવી
આ રત્નસીંહને ઘેરી લઇ અમલદારને નમન
કરી ઊભા રહ્યા ને હુકમની વાટ જોવા લાગ્યા

સીતલવંત સાહેબ પોતાના તાબેદારોને હાજર થયલા જોઇ ખુશ થઈ હુકમ કીધો કે આ શખ્શને બેડીથી જકડી લો હુકમનો અમલ તુરત થયો સત્યવાદી પુરૂપનાં હાથમાં બેડી પડી પ્રભુ પ્રભુ સત્યવાદી પુરૂષોને સુખ તો નહીંજ પણ જ્યાં જોઇએ ત્યાં દુખ તો હાજરજ હોય છે એમ વીચાર કરતો રત્નસીંહ બેડીથી પરહેજ થયો લોકો પણ દૂર ઉભા રહી તમામ તમાસો જોઇ રહ્યા હતાં કાંઇકની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં હતાં પણ એટલામાં આ બાજુએ રત્નસીંહે મોટે સાદે કહ્યું કે મારી સત્યતા આગળ આ તમારી બેડી (લોખંડની) પાણી ભરે છે હું તમારી અને સર્વે શખ્શોની સનમુખ ઉભો રહી કહું છું કે ઓ સત્યતા જો હું ખરો તારો ભક્ત હોઉં તો મને આ બંધન-માંથી છુટો કરો હે દયાળુ પ્રભુ મેં જો આજ-સુધીમાં કોઈપણ વખત અસત્ય વાણીનો

દિન ઉચ્ચાર કીધો હોય તો મને આ બંધનમાંથી છુટો થવા દેશો નહી પણ હું સત્યજ વાકય બોલ્યો હોઉ તો આ બેડીના ચાર કટકા થઇ જજો આ છેલ્લા શબ્દોનો ઉચ્ચાર થઇ રહેતાંજ તે બેડીના ચાર કટકા થઇ જમીનપર પડી ચૂકયા તેથી હવે સરવેને અને આપણા અમલદારને પણ હવે ખાતરી થઇકે એ ખરા સત્યવાદી પુરૂષ છે ત્યારપછી સત્યવાદી રત્નસીંહને કહ્યું હું તમારો સેવક છું પણ કહું છું કે હવે પછી સટ્ટો કરશો નહિ ગમે તેમ કરજો પણ એનું નામ દેશો નહી.

પ્રકરણ ૫ મુ.

જુઠું બોલનારને સજા.

દરબારીઓ ભરાવા લાગ્યા કામદારોએ પોતા-ની જગ્યા લીધી હતી દરબારગઢ બહારથી દેખા-

વડો નહોતો પણ અંદરથી બહુજ મોટો અને સુશોભીત હતો અને દરેક કામદારોને બેસવાની સારી સગવડતા ભરેલી જગ્યા બનાવવામાં આવી હતી દરબાર બરોબર દસ વાગે ખુલતો હતો અને અગીઆર વાગામાં સર્વે કામદારો આવી જતાં હતાં અને બાર વાગે સરકાર સાહેબ પધારતા હતા પોણાબાર કલાકનો અમલ થયો છે બાદશાહ સાહેબને આવતાં પા કલાકની વાર છે પોલીસનો ઉપરી સીતલવંત હાજર થયો છે તેને ચીટનીસ અમલદાર લાલખાં મીયા પર જુઠું બોલવાની અને લાંચ ખાવાની બેવડી ફરીઆદ નોંધાવી છે સાક્ષીમાં સત્યવાદી રતન-સીંહ ને પણ બોલાવવામાં આવ્યા છે સાથેના બીજા સીપાઇઓને હાજર પણ રહેવા ફરમાવ્યું છે જોત જોતામાં બાર ટકોરા થયા અને બાદશાહ આલમખાનજી સરકારનો નેકીનો પોકાર સંભળાયો સર્વેની ખાતરી થઈકે સરકાર સાહેબની

સ્વારીઆવી પોંચી એટલામાંજ પાલખી આવી પોં
ચીને સરકાર સાહેબ દરબારમાં ગયા ન્યાય
આસનપર બીરાજતાં કેસની સરૂઆત થઇ આ-
સીસ્ટંન ન્યાયાધીસે ફરીયાદી સીતલવંતની
જુબાની લીધી તે નીચે મુજબ હું ખાનગી નો
કરો રાખુછું અને તેમની મદદ વડે તપાસ
કરાવતાં મને માલુમ પડયું કે પ્રતીવાદી મી.
લાલખાં જુઠુ બોલી મને ઠગે છે તેથી મેં
જાતેજ તુરતજ ત્યાં [એટલે સટાબજારમાં)જઇ
તપાસ કરી તો સટ્ટો ચાલુજ હતો તેમને મેં
આપનું હુકમનામું બતાવ્યું અને કહયું કે
આ હુકમનામું લઈ આવનાર પ્રતીવાદીએ
તમને મનાઈ હુકમ કહયો હતો કે નહી સાક્ષી
શેઠ રત્નસીંહ ત્યાં હાજર હતા તેમને પુછતાંજ
માલમ પડયું કે લાંચ લઇ સર્વને છોડી દીધા
છે સાક્ષી રત્નસીંહ ઘણા આબરૂદાર અને
સત્ય બોલનાર તરીકે વખણાય છે હું તેની

સાબીતી હું પોતે એબલો નહી પરંતુ લગભગ આખું ગામ છે તો તેજ પુરૂષ એમ કહે છે કે અમે એમનું મન મેળવી લીધું છે અને રાજી કીધા છે અને મારેત્યાં આવી હમને સટોરીઆઓ મલ્યા નથી પણ નાહસી ગયા હતાં એવું ખોટું જાહેર કીધું હતુ માટે તેને તેના ગુનાહની સજા થવી જોઇએ નામદારને મારો ભરોસો નહોય તો આ સત્યવાદી પુરૂસની સાક્ષી વધુ ભરોસો આપસે.

આસીસ્ટન ન્યાયાધીસ કહે કે પ્રતીવાદી મી. લાલખાંના કેસ બાબતમાં તમો જે કાંઇ જાણતા હોવ તે કહો રત્નસીંહ કહે હમો બધા સટો રીઆઓ પકડાયલા જણાવા તેથીજ હમે પ્રતી-વાદીને લાંચ આપી છુટા થયા હતા અને પાછળથી સીતળવંતે આવી અમને આપનું હુકમનામું વાંચી સંભળાવ્યું હતું અને જતાં જતાં મારી જીભે કહેવડાવ્યું કે મારે હવે

સટો કરવો નહિ તેમજ કોઇની પાસે કરાવવો કે કોઇને કરવા દેવો નહી ત્યારબાદ ન્યાયાધીસે પ્રતીવાદી લાલખાંની સાથેનાં સીપાઇઓની જુબાની લેતાં બે જણ કબુલ થયા કે લાંચ લીધી છે અને બીજાઓ છુટી પડયા હતા કે હમો જાણુતા નથી પણ ;અંદરખાનેથી સમજું તી થઇ હતી આ બધી તમામ વાત ધ્યાનમાં લઈ નામદાર સાહેબ આલમખાનજીએ નીચે મુજબ જજમેન્ટ આપ્યું હતું પ્રતીવાદી મી. લાલખાં ઉપર લાંચ લીધી તે સાબીત થાય છે માટે પીનલકોડની કલમ નંબર ૫) અ. મુજબ બે વરસની કેદની સજા થાય છે તેમજ સર-કારી માણુસ થઇ સરકારને મોઢેજ જુઠું ચલાવી સરકારનુંજ અપમાન કીધું છે માટે બીજી કલમ નંબર ૯૩ની રૂએ દોઢ વરસની સખત કેદની સજા થાય છે તેમજ સરકારી હુકમ ઉપર બીલકુલ દરકાર ન કરતાં બીલકુલ

ધ્યાન આપ્યું નહી માટે ત્રીજી કલમ નં. ૭) ની રૂએ ૭ માસની સજા કરવામાં આવે છે એમ કરી ત્રણે ગુાાની સજા બરોબર ચ ર વરસની કરવામાં આવે છે ત્યારબાદ બીજા એમની મદદે ગયલાઓને પણ દંડ કરી છોડી મુકયા હતા આ કેસને વધુ ન લંબાવતાં સ્થળ સંકોચને લીધે ટુંકમાં રાખી હવે આપણે આપણી વાર્તા તરફ વળશું.

પ્રીય વાંચનાર તમોને આગળ જતાંજ આ વાર્તાનો ખરો રસ જામશે માટે સત્વર બાજુનાં પ્રકરણમાં ચાલ્યો જઇશ.

પ્રકરણ ૬ શું.

રત્નસીંહની માઠી દશા.

પ્રભાતના પહોરમાં એક પુરૂષ પોતાના મકાનની બારી પાસે ઉભો ઉભો બહારની રળીયા-

મણી લીલા જોઇ રહયો હતો એવામાં તેજ મોહોલામાં એક ટેલીઓ બ્રાહ્મણ આમથી તેમ ફરતો હતો તેને ગાલના ચાલનાં મધુર રસથી લલકાર્યું કે

સત્યે બાંધી લક્ષ્મિ સત છોડે પત જાય.

આ ઉભેલા પુરૂષ તે વાકયનો અર્થ પોતાનાં અંતરભાવથીજ મનમાંજ કરવા માંડયો અ હો હો પ્રાચીન ધર્મ શાસ્ત્રો ખોટા પડયા કેમકે આજ કાલ કરતાં મને વીસ વરસ થયાં હું સત્યે ચાલું છું ને તેના બદલામાં મને હવે વીશેષ સુખ તથા લક્ષ્મી મલવી જોઇયે પણ તે તો કાંઇ પણ જણાતું નથી પણ ઉલટું દુખ અને દરીદ્રતા આવી છુટી છે ઘરમાં શેર અનાજ નથી અને પાસે પૈસા પણ નથી સટ્ટાની આવતી પેદાશ પણ સરકારે બંધ કરાવી એટલે હવે મારે માંગવાનો વખત આવ્યો અરે પણ હું ભીખ પણ કેવી રીતે માગું તે પણ શીખ્યો નથી આવી રીતના વીચાર ચાલતો હતો એટલામાં એક સ્ત્રીએ શાદ

કીધો કે પાણી તઇયાર છે નાહાવાને આવો અર્ધ સુચક શબ્દો કાને પડતાંજ ઝટ નીચે ઉતરી પડી નાહવાની જગાએ ગયા નાહાવાની જગાએ પાણી ની કુંડી અને પ્યાલું તૈયારજ હતાં તેમજ ત્યાં નજીકમાં પણ પાણીનાં છાંટા નઇ ઉડે એવી જગ્યાએ એક ચોખું વસ્ત્ર (નાઇ ઉઠી પહેરવાને) મુકયું હતું આ પુરૂષે તે સર્વ સામગ્રી તૈયાર જોઇ નાહ-વાને બેસી ગયા અને નહાઇ લીધું આજે મન બરાબર ઠેકાણે નહી હોવાથી ઝાઝીવાર લાગી નહિ નહિ તો ઓછામાં ઓછો અડધો કલાક થતો હતો ત્યાર બાદ (અંગયોગ) દેવ સેવા કરવા બેઠા તે બરોબર બે કલાકે પરવાર્યા બાદ પાછા ઉપર જઇ બારી આગળ વીચાર કરતા બેઠા એટલામાં એકસું-દરી ત્યાં આવી કહે સ્વામીનાથ લોટ આજે ચાલે એટલોજ હતો તે આજે વાપરી દીધો છે માટે બજાર જાવો તો લાવવાને યાદ કરાવું છું પેલો પુરૂપ કહે હા તે હું જાણું છું બહાર જઇશ ત્યારે લેતો

આવીશ એ સાંભળી તે સુંદરી તુરત ચાલી ગઇ. એટલામાં એમને કાને એજ શેરીમાં ફરતો એક બ્રાહ્મણનો સાદ સાંભળ્યો કે દયા ધર્મકો મુળ હે પાપ મુળ અભીમાન આ અધુરો દહોરો સાંભળી એમને દયા કરવાનું મન થયું અને જીજ્ઞાસા થઇ આવી તેથી તે બ્રાહ્મણને બોલાવી ચપટી ચોખા આપ્યા પોતે જાણતો હતો કે ઘરમાં અનાજ થઇ રહેવા આવ્યું છે એટલુંજ નહી પણ થઇજ રહ્યું છે છતાં પણ દાન કીધુ ધન્ય છે આવા દાન વીરને અને સત્ય ચાલનાર પુરૂષને કે જે રજમાં થી રજને કણમાંથી કણ પારકાને માટે વાપરે છે આ બ્રાહ્મણને ચપટી ચોખા આપી ઉપર જતાંજ એક બાલા હાથમાં દફતર લઇને આવી પોંચી તેને જોઇ આ ઉદાર દીલના પુરૂષે કહયું કે કેમ બેટા તું ભણી આવી માસ્તરે આજે શું શું શીખવ્યું બાલાએ કહયું પીતાજી માસ્તરે કાલે આપેલું લે-શન તો યાદ હશે તે લીધુ આજે નવુ આપ્યુ છે

પુરૂપ કહે વારૂ બેટા પણ તેં આજ નંબર કેટલામો પુરાવ્યો બાલા કહે બાપા મેં ત્રીજે નંબર રાખ્યો હતો હું બીજે નંબરે આવી હતી પણ શબ્દોનાં અર્થમાં ઉતરી ગઇ હતી પુરૂપ કહે વારૂ ત્યારે તને કોપીની કેટલી માર્ક મળી હતી તે સાચુંજ કહે જે હું જાણુ છું કે તું સાચુંજ બોલે છે છતાં પણ કહું છું જે હોય તેજ કહેસે હવે પેલી બાલા કે જેનું નામ રતનગવરી હતું તે કહેવા લાગી જે પી-તાજી તમે એવુ બોલો છો હું પણ તમારી મરજી મુજબ સાચુંજ બોલું છુ પેલો પડોશનો નટવર જેમ હમેશ વાત કરતાં જુઠુ બોલે છે તેમ તો હું કોઇ દીવસ બોલીજ નથી બોલવાની પણ નથી તેને તો (નટવરે) પારણામાં પણ જુઠ્ઠ રડ રડ કીધુ હશે તેમ મેં કાઇ કીધું નથી કે હું જુઠું બોલું પીતાજી મેં આજે તો કોપીમાં એક સૌ માર્ક મેલ-વી હતી એટલુંજ નહી પણ સૌથી પહેલે નંબરે આવી હતી પુરૂપ કહે વારૂ બેટા જા ત્યારે ઝટપટ

નહાઇલે જમવાની હમણા વખત થશે એ સાંભ-
લતાંજ તે ચાલી ગઇ એટલામાં એક પુરૂષ હાથમાં
ચોપડો લઇ ઘરમાં દાખલ થયો અને સાદ
કીધો કે શેઠ છે કે (ઉપર બેઠેલા પુરૂષે જવાબ આ-
પ્યો કે હા ભાઇ ઉપર આવો આ નવીન આવનાર
માણસે દફતર કહાડી બતાવ્યું ને કહેવા લાગ્યો
કે શેઠજી હવે અમોને નાણા મળવા જોઇએ ત્યારે
તે પુરૂષે કહયું હા ભાઇ જા આજે સાંજે તારે
ત્યાં જરૂર આવી અને આપી જઇશ એટલે તે
નવીન આવેલો પુરૂષ ચાલી ગયો એટલે તરતજ
જમવાને માટે રત્નગવરી તેડવા આવી અને કહયું
કે પીતાજી જમવા ચાલો આ સાંભળતાંજ તે પુરૂષે
તેની આંગળી ઝાલી નીચે ભોજન ગ્રહમાં ગયા
અને જમવા બેઠા ભોજન ગ્રહમાં બેઠેલી
સુંદરીએ પુછ્યું કે સ્વામીનાથ એ કોણ આવ્યું
હતું જમતા જમતા તે પુરૂષે કહ્યું કે પેલા
અનાજવાલાનો મુનીમ રૂપીઆની ઉઘરાણી કરવા

આવ્યો હતો એના રૂપીયા પોણોસોએક ચઢી ગયા છે સુંદરી કહે હા તે હું તમોને કહે-વાનીજ હતી તેની રકમ ભારી છે માટે હવે તેને રૂપીયા આપવાજ જોઇએ મારી પેલી કંઠી પહેરવામાં આવતી નથી તે વેંચી નાંખી આજે ચુકાવી આપજો અને ઘરમાં જોઇતી ચીજો લેતા આવજો કેમ ખરૂ કેની પુરૂષે કહ્યું હા તેમજ કરીશ પણ તારે પહેરવા જોઇશું ને સુંદરી કહે તે તો કાંઇ નહિ હું હમણા કાં પહેરૂં છું પુરૂષ કહે વારૂ પણ પેલી જમ-નાને પચાશ રૂપીયા કબુલાતના આપવાના છે કોની કબુલતના છે સુંદરીએ કહ્યું પ્રીયનાથ એતો પેલી ગંગા બાઇની કબુલાતના છે તે એને આપતી નથી એટલે એ મને વળગે છે ને કહે છે કે તમે કબુલત કીધી છે માટે તમે આપો નહીં તો ના કહો મેં કબુલત આપી નથી સ્વામીનાથ એ બંધે જણીઓ

લડાઇ (લડતી) હતી અને એકેકનાં લટીઆ
પીખતી હતી તેથી મને દયા ઉપજી અને
મેં કહ્યું જા એ તને નહીં આપે તો હું
આપીશ અને તેથી એ મારી પાસે માંગે છે
વળી જો કે હું કદીપણ આજદીન લગી
જુઠું બોલી નથી તો શું હું એના પચાશ
રૂપીઆ સારૂ જુઠું બોલું કે વળી સુંદરી કહે
લો હું મારી (પલ્લાની) સોનાની બંગડી વેચીને
એના રૂપીઆ આપો હું ઉઘાડી થઇશ. પણ
તેની તમારે લગારે દરકાર રાખવી નહીં પણ
અરરર જુઠું કેમ બોલાય અસત્ય વચન આપણા
મોમાંથી કેમ નીકળે જાઓ વેચો અને એના
રૂપીઆ ભરીદો પુરૂષ કહે ઠીક ત્યારે તેમ કરીશ
તારો ને મારો ટેક એક સરખોજ છે મરણ
આવે તો બહેતર છે પણ જુઠું બોલી જીવવુ
નકામું છે. એટલું બોલી રહેતાંજ જમવાનું
કામ પુરૂ થયું ઉપર જઇ મુખવાશ આરોગી

કપડા પહેરી પેલી કડી લઇ વેચવા નીકળી પડયા એ પુરૂષનાં ગયા બાદ થોડાજ વખતમાં પાડોશણ જમણાબાઇ આવી પોંચી ને કહેવા લાગી જે કેમ સીતલબાઇ શું કરો છો તમે તો નવરા બેસવાનાજ નહી જયારે જોઉં ત્યારે કામમાને કામમાં કોઇ એક દહાડો તો જંપીને પરમેશ્વર બેસાડે તો બેસો સીતળબાઇ કહે (પેલા પુરૂષની સ્ત્રી) હા બેન અમે કાંઇ નહી કરીએ તો બીજુ કોણ કરશે કામ નહી કરીએ તો ખાવાનું પણ ભાવે નહિ આળશુ બની જઇએ જમના કહે હા બ્હેન એ વાતતો ખરી પણ હવે પેલા રૂપીઆનું શું કર્યું આપવા હોય તો આપી દો નહીં તો ના કહી દો કે ગંગા નાહ્યા કે મેં કબુલત કીધીજ નથી ત્યારે શું સીતળબાઇ કહે એટલી બધી અધીરી શા માટે થાય છે લે આ મારી સોનાની બંગડી વેચીને બાકીના મને મારા નાણા પાછા આપજે

જબનાબાદ તરતજ તે બંગડીઓ લઇને ચાલી ગઇ વાંચક આ પુરૂષ કોણ હતો તે એજ આ વાર્તાનો નાયક સત્યવાદી રત્નસીંહ.

પ્રકરણ ૭ સાતમું.

(શું આ વાયદા નાશવંત છે?)

કીર્તીને માટે શુલક્ષણવંતાં પુરૂષો હજારો રૂપીઆનો હોમ કરે છે આબરૂને ખાતર લાખો રૂપીઆનું પાણી કરે છે અને નેકને ખાતર પોતાની દેહ પણ અર્પણ કરે છે તો પછી સત્યને ખાતર મનુષ્યો શું ન કરે જે કરે તે ઓછું છે આ બાજુના પ્રકરણમાં આવેલી વાતને છ માસ વીતી ગયા સટ્ટો બંધ થયાને

બે વરસ ગયા જે બે વરષપર જણાતુ હતું તેમાનું આજ કાંઇપણુ જણાતું નથી જ્યાં કુંદનના દાગીના હતા ત્યાં વાલની વીંટી પણુ જણુાતી નથી ઘર મધેનું રાચ રચીલું પણુ રહ્યું નથી. જ્યાં ગાદી તકીયા હતા ત્યાં આજે ઉસીકાનાં પણુ ઠેકાણા નથી. વલી જ્યાં નવરંગી અને અમુલ્ય વસ્ત્ર હતાં ત્યાં આજ તેના બદલામાં મજલીનના લુગડાં પણુ પુરા નથી જે પુરૂષ સાંજ પડતાં કડકડતાં વસ્ત્રો ધારણુ કરી બહાર ફરવા જતો તેજ પુરૂષ આજે ફાટેલે વસ્ત્રે અને ઉગાડે દીલે બહાર જતાં ખચકાય છે ઘરમા ભરાઇ રહે છે બોલો ત્યારે એ પણુ નશીબની કેવી વીચીત્ર ગતી છે. ખરા મધ્યાન કાળને સમયે એક પુરૂષ કપાળે હાથ દઇ પોતાના ઓટલાની ખુરસીપર બેઠેલો છે તેને એક જરા ફાટેલું ધોતીઉં સીવાય બીજુ કાંઇ પહેરેલુ દેખાતું નથી અરે જુઓ તે કાંઇ

બબડગો શું બોલ્યો હશે વારૂ હા હા તે બોલ્યો
કે શું આ વાયદો જુઠો પડશે શું એ વાયદો
નાશવંત છે ખરેખર તે એમજ બોલી
અટકી ગયો પાછો ઉંડા વીચારમાં પડયો
વળી કાંઇ બોલે છે ચાલો સાંભળી લઇએ
આપણે ત્યાં જઇ ઓટલાપર બેઠાં પણ તેને
તો કાંઇ તેનું ભાનજ નથી તે તો તેના વી-
ચારમાં ગુલતાનજ છે આપણે સાંભળી લઈશું
તેનો તે કાંઇપણ ડર ન રાખતાં બોલ્યો કે
વાયદો જુઠો પડે ત્યારે થઇજ ચુકયું લક્ષ્મીદેવી
તો ગઇ ને પછી સત્યતાદેવી પણ જાય અરે
હું તેને જવા કેમ દઊં હજાર પ્રયત્ન કરીશ
લાખો યુકતીઓ લડાવીશ અને આખરે વાયદો
પુરો કરીશ એટલું બોલી તે પુરૂષ અટકી
ગયો નૈ પાછો વીચારમાં પડયો આપણે આટલી
વાત ઉપરથી એ સીદ્ધ થાય છે કે એને કોઇ
એના લેણુદારને રૂપીઆ આપવાનો વાયદો કીધો

હસે અને તે કયાંથી લાવી આપવા તેના વી·
ચારમાં ગુંથાયલો જણાય છે જુવો જુવો તે
વળી કાંઇ બોલે છે મેં વાયદો નહી કીધો હોત
તો મારે આમ જુડા પડવાનો વખત નહિ
આવતે પણ હવે તો જે થયું તે થયું એ
એની જાતપર ગયો મોહોલ્લામાં આવી બખારા
પાડવા લાગ્યો અને તેથીજ કાલે સાંજ સુધીમાં
હીસાબ ચુકતે કરવાનો વાયદો કર્યો અરેરે પણ
મેં વીચાર કીધો નહી કે હું કયાંથી આપીશ
કઇ પેદાશના નાણા આવશે કયો ધંધો કરવા જઇ
શ એ પુરૂષ આટલું બોલી પાછો પોતાના વી·
ચારમાં ગુંથાયો પ્રીય વાંચક એને તો ત્યાંજ
તે પથ્થરની ખુરશીપર ખરા તાપના પવનની
લહેરમાં ઝોકા ખાવા માંડયાં સુખી શેઠીઆઓનો
આ સુવાનો આરામ લેવાનો વખત તે આજ
એને એ ખુરસીપર રાખ્યો પડવાની બીકથી
તે જાગ્રત હતો એમ કરતાં કેટલોક વખત નીકળી

ગયો પણ એ બાઇ સાહેબનાં ધ્યાનમા આવ્યો નહી એટલામાં પેલી સુંદરી કે જેનું નામ શીતળબાઇ હતું તેને ત્યાંથી આવીને કહયું કે ચાલો ઘરમા આવો એમ કહી તે ઘરમાં ગયો અને આપણે પણ ત્યાંથી ઉઠી ત્યાં જવાનો વીચાર કીધો હવે આ પુરૂષે ઘરમાં જઇને પણ એના એજ વીચાર કરવા માંડયાં તેથી પેલી સુંદર અને સુલક્ષણવંતી સ્ત્રીએ કહયું કે પ્રાણનાથ આમ બહુ વીચારમાં તો ગાંડા થઇ જશો તમે કહેતા હોવો. તો મારી એક બેનપણીએ કહયું છે કે દુપટ નાણાનું લખાણ કરી આપવું હોયતો મારે ત્યાં આવજો તમારી ખુસી હોય તો તેને ત્યાંથી લઇ આવી આપુ રત્નસિંહ કહે નહિ પ્રીયા નહી વળી તે નાણાં કયારે પુરા કરીશું તેમ તો નહી કાંઇ બીજો ઉપાય હોયતો બતાવ સીતલબાઇ કહે સ્વામીનાથ બીજો ઉપાય સહેલ છે પણ તે આપને યોગ્ય લાગેતો પણ

કહેતાં મારી જીભ ઉપડતી નથી અનેનહિ કહું
તો તમારે દુઃખે હું દુઃખીજ થાઉંછું રત્નસિંહ
કહે બોલ બોલ એવાતે શું હુન્નર છે જે મને ઝટ
બતાવ તે હું કરવા તૈયાર છું સીતલબાઇ કહે
(અચકાતા અચકાતા] આપણી રત્નગવરીને રત્ન
સીંહ કહે અરે પણ અચકાયછે કેમ શું આપણી
રત્નગવરીને વેચી નાંખીએ જેમકે હરીશ્ચંદ્રે જેમ
રોહીદાસ અને તારામતીને વેચ્યા હતા તેમ
સીતલબાઇ કહે નહિ નહિ આ અભાગણી સ્ત્રીનો
તેવો વીચાર કયાંથી હોય રત્નસીંહ કહે બોલ
ત્યારે ઝટ કહે તારો સું વીચાર છે તે જણાવ
વાર નહી કરીસ સીતલબાઇ કહે આપણી
રત્નગવરીને પેલા વૃદ્ધ લાલસીંહની સાથે વીવાહ
કરો કે રૂપીયાજ રૂપીયા એટલે થયું રત્નસીંહ
કહે બળી તારી અકકલને મોઇતું આખરે મને
કન્યાવિક્રય કરવાનું શીખવે છે નહિ હું જાતથી
દુઃખી થઇશ પણ તેમતો કદાપી નહિ કરીશ મારા

સુખને ખાતર કે મારા સત્યને ખાતર મારી વહાલી દીકરીને ખાડામાં નાંખીશ દીકરી ના પઇસા વડે હું સત્ય રાખીશ નહી સીતલ બાઇ કહે સ્વામીનાથ કહોતો ખરા ત્યારે શું કરશો રત્નસીંહ કહે (ખીજવાઇને) સું કરશો શું કરશો એમ શું કહયા કરે છે ચોરી કરીસ પણ નાણા લાવીશ રત્નસીંહનાં આવાં વચનો બોલતા બોલાઇ તો ગયા પણ પાછળથી પસતાવા જોગ થયા તે નીચેની વાત પરથી સાબીત થશે આ ખીજવાયલા શબ્દો સાંભળી સીતલબાઇ ત્યાંથી દુર ખસી ગઇ ને પછી રત્નસીંહ એખલા રહયા આ વખતે સાંજ છેક પડી ગઇ હતી અંધકાર છેક છવાઇ ગયો હતો આકાશમાં ઝીણા તારાઓ ચળકતા જણાતા હતા તે વખતે આ સત્યવાદી પુરૂષ રત્નસીંહ વીચાર કરે છે કે મેં ઘેલાએ સું બોલી દીધું ચોરી કરીસ પણ નાણા લાવીશ અરે પણ

હા તે યોગ્યજ છે તેમ કર્યા વગર છુટકોજ
નથી ત્યારે હવે કયાં ચોરી કરવા જવું વાંચક
તું કોઇ સ્થળ જાણતો હોય તો આ ભ્રમીત
થયલા રત્નસીંહને બતાવજે શું કોઇ મારતે
મીયાંને ત્યાં જઇ હાથ મારી લાવું કે કોઈ
ગરીબનું ધન હરણ કરી લાવું કે કોઇની આંખ
માં ધુળ નાંખી લુટી લાવું ના નહી એવું
કરનાર પાપી લુચ્ચો દગલબાજ અને પાકો ચોર
ગણાય છે મારેતો નોકની ખાતર એક સત્યને
વારતે અને બોલેલા વચન પાળવાને માટેજ
લાવવું છે તો પછી એવું નીચ કામ સામાટે
કરવું જોઇએ ત્યારે સું વણીકનું ઘર ફાડું
કે કોઇ મારવાડીની ત્રીજોરી ખોલું કરવું શું
કોને ત્યાંથી લાવવા એમ કરતાં બરોબર રાતના
દશ વાગ્યા ને ભાઇસાહેબ ઉઠયા ફાટેલું
ધોતીઉં તો પહેરેલુંજ હતું ને બાજુ

એક તેને લજાવી મારે તેવું ઓઢી લીધું અને પછી તેવાજ એક ધોતીઆના કટ-કા ને માથે લપેટી દીધો અને પછી પે-તાની સ્ત્રી પાસે જઇ કહયું કે હું જેમ બનશે તેમ જલદીથી આવીશ અને કદાચ તેમ નહી અવાય તો જાણજે કે સરકારનાં હાથમાં ફસાયા એટલું. કહી ચાલતી પકડી શીતળ બાઇ તો બીચારી દીન મુખ. સરખી જોઇજ રહી કાંઇ પણ બોલીજ નહિ આ રતનસીંહ પોતાનું ઘર છોડી આગળ ચાલ્યો ને વીચાર નકકી થયો કે મારવો તો મીરને ને લુંટવો તો ભડાંર તેજ મુજબ મારે પણ રાજ ભંડાર જ લુંટવો રાજ મહેલમાંજ જઇ ચોરી કરવી. એમ નકકી કરી જે દિશાએ બાદશાહ આલમ-ખાંન નો રાજમહેલ હતો તે દિશા પ્રયાણ કીધું પણ પેલો દહોરો ભુલી ન જવાય માટે ઘડીએ

ઘડીએ બોલ્યા કરતો હતો કે (મારવો તો મીર ને લુંટવોતો ભંડાર) એનું એજ વાક્ય ફરી ફરી બોલી ચાલ્યો જતો હતો વાંચક ત્યાર પછી ની હકીકતથી આપ જાણીતા હશો (જુઓ પા.)

પ્રકરણ ૮ આઠમું.

ઝાડ ઉપર ભુત.

પ્રભાતનો સમય સૌ કોઇને રળીઆમણો લાગે છે તે વખતની લીલા જોવાનું સૌ કોઇને મંન થાય છે અને દુષ્ટ બુદ્ધીનાઓ અને કુચાલે ચાલનારાઓને તથા ચોર લોકોને તે વખત અતી દુખદાયક થઇ પડે છે તે લોકોને પ્રભાત થાય તે કયાંથી ગમે કારણકે લોભીયાને લોભ

સિવાય બીજું શું ગમે પાપીને પાપ સિવાય પુન્ય ક્યાંથી ગમે તસ્કરને સાહુકારી ક્યાંથી ગમે પાપીને પાપ સિવાય પુન્ય ક્યાંથી ગમે અંધકારના રાખનારને ઉજાસ કેમ પરવડે તેમ આ શ્રેષ્ટ પ્રભાતનો રળીયામણો સમય દુષ્ટ કૃત્ય કરનાર તસ્કર લોકને ક્યાંથી ગમે નાજ ગમે રાજ મહેલને તજી જનાર ચોર મુઠીઓ વાળી નાસી જતો જણાયછે કારણકે તેને બીક પેઠી હતી કે કોઇ સીપાઇ મારી પાછળ લાગસે અને થયું પણ તેમજ એક સીપાઈ પાછળ પડયો હતો તેથી આ ચોર રત્નસીંહે આડે અવળે માર્ગે દોડી જવા માંડયું આ ગલીમાંથી બીજી ગલીમાં અને બીજી ગલીમાંથી તીજી ગલીમાં એમ નાસતા નાસતા પોતે એક એવે માર્ગે નીકળી પડયો કે જ્યાં પેલો સીપાઈ આવી શક્યો નહિ રસ્તો ચુકી ગયો અને બીજેજ રસ્તે નીકળી

ગયો તેથી આ આપણા સાહુકાર રત્ન-
સીંહ ને એક જાતની પીડા ગઇ
સાંતના વળી. પણ એટલામાં એમની નજર
એ ગલીને પેલે નાકે પહોચી ત્યાં બે ચાર જણા
વાતો કરતા જણાયા તેથી રત્નસીંહે જાણ્યું કે
એ સર્વે અમલદારો છે અને તેને પેલો સીપાઇ
મળી ચુકયો છે રખેને મારા ઉપર વહેમાઇને
મારી જડતી લે તો ભોગ ફરી વલે આ સત્યવાદી
રત્નસીંહે ઉપર મુજબનો વીચાર કરી ઘેલામાં
ખપવાનો વીચાર કર્યો પોતાની પાસે જે દાગી-
ગીના તથા થેલીનું પોટલું હતું તેને છોડી નાખી
ભોય ઉપર મુકી રસ્તામાની ધુલ તે માહે ભેગી
કરી સાથે નાના મોટા પથ્થરો લીધાં હતા અને
એક મોટું પોટલું બનાવ્યું તે પોટલું માથા ઉ-
પર મુકી તેના ઉપર તથા શરીર ઉપર ધુળ નાખી
પછી પોતે ભમરડી ચકરડી તથા નાચતો કુદતો

તે ચાલી આવતાં અમલદારોની સાગેથીજ પસાર થવા લ.ગ્યો પેલીગમ અમ.લદારોની સાથે તે સી· પાઇ વાત કરે છે તે સીપ.ઇ ચોરને પકડવાને ચાલી ગયો અને તે અમલદારો રાતની રોન ફરી પોતાને ઘેર જતાં હતાં સીપાઇથી છુટા થઇ એ ગલીની અધવચમાં આપણા સાહુકાર રત્નસીંહ મલ્યા તેને જોતાંજ એક અમલદારે ઉભો રાખ્યો ને કહ્યું કે સ્પલ્યા ચોર ક્યાં જાય છે આ પોટલામાં શું છે સાહુકાર રત્નસીંહ પોતાની સચ્ચાઈની સાહુકારી કરી કહે છે કે ભલા માણસો હા હા હા હા હા હું તે વળી ક્યાં જાઉં જ્યાં જવાય ત્યાં જઇસ અને શું આ પોટલામાં અરે એ પોટલામાં તો ધન માલ છે ધનમાલ એમ કહી ધુલ ઉડાવવા લાગ્યો આમથી તેમ કુદતો ફુદરડી ફરવા લાગ્યો તે જોઇ બીજા અમલદારે કહ્યું જવાહોની બાઇ એતો કોઇ ગાંડો માણસ છે

ગાંડો આ શબ્દ સાંભળી ચતુર રત્નસીંહે ચતુ-
રાઈ વાપરી હસતા હસતા કહ્યું કે હેં હેં હેં હે
ગાંડો કહે છે ગાંડો અરે હું ગાંડો નથી પણ
તમે તો ગાંડા જણાવો છો. જાવ જાવ એમ કહી
કુદતાં કુદતાં અને ધુળ વેરતા વેરતા આગળ
નીકળી ગયો તે છેક કયાં જઈ ઉભો કે જયાં
કોઇ વસ્તી નહીં કે જ્યાં કોઇ ગામ નહીં વળી
જ્યાં ઉજાસ છે છતાં અંધકાર દેખાય વસ્તી
છતાં નહીં વસ્તી એવું દેખાય ત્યાં આ
પણો સાહુકાર જઇ થોભ્યો પોટલું માથાપરથી
ઉતારી તેનાં નાનાં બે પોટલા બનાવ્યા કે જે
એક ખરા ધન માલનું અને એક ખોટા એટલે
(ધુળ તથા પથ્થરોથી) ધન માલનું એવી રીતે
બે પોટલા બનાવીને એક ગંભીર ઝાડને પ્રસન્ન
કીધું કે જે ઝાડ ડાળ પાંદડાથી ભરપુર હતું
તે ઝાડપર પહેલાં તો પોતે પેલું ધનમાલનું
પોટલું લઇ જઇ મુકી આવી પાછળથી પેલું

ખોટા ધનમાલનું પોટલું લઇ ચડીને નીરાંતે સમપુરણ સવાર થવાની વાટ જોતા બેઠા થોડી વાર ગઇ નહિ એટલામાં ચાર-જણ તેજ ઝાડની નીચે આવી બેઠા સાથે લાવેલા સામાનને છોડવા લાગ્યા સામાનમાં ફકત એક પોટલી હતી તે છોડીને એ ચારે જણાએ ભાગ વેંચવા માંડયો જે તેમાં રૂપીઆ-ની થેલી તથા દાગીના હતાં આ પ્રસગે ઝાડપર બેઠેલા રત્નસીંહે વીચર્યું કે જો હું મુગો મુગો બેસી રહીસ ને કદાચ એ લોકની નજર મારા-પર પડસે તો જરૂર મારી કમબખતી આવસે માટે મારેજ એ લોકોને અહીંથી નસાડવા કે જેથી હું સાંતથી રહું આવો વીચાર કરીને જેમ અશોક વનમાં ઝાડપર હનુમાનજીએ બેઠા બેઠા અનેક જનોને હેરાન કીધાં હતાં તેમ આ રત્નસીંહે આ ચાર ચોરોને હેરાન કરવાની તજ-બીર સોધી કહાડી પહેલવહેલા પેલું ધુળનું

પોટનું ફેરી ધુળ વરસાવવા લાગ્યો અને તેની
સાથે નાના મોટા પથ્થરો પણ નીચે નાંખવા
માંડયા અને બીજે હાથે ઝાડની ડાળીઓ હલાવવા
માંડી આ ખડ ખડ ભડ ભડ અને ધુળ ઢેફાંનો
વરસાદ થતા જોઇ નીચે બેઠલાં ચારે તશ્કરો
બીહવા લાગ્યા શું આ ગામ રાજાનો અનુચર હશે·
મનાઇ કીને રૂપ લક્ષ્મીમાતાને ફેડાવા આવ્યા
કે કોઇ પાપી ભુત હમને રંજન કરવા દેવા
આવ્યો છે કે શું એમ કહી ઉચ્ચું જેતાંજ મોં
ઉપર ધુળ તથા કાંકરા આવ્યા તેમાં એકને તો
પથ્થર લાગતાંજ લોહી નીકળ્યા તેવોજ તે
બીચારો તો ઓ મારા બાપરે કરીને નાઠો તેની
પછાડી બીજા ત્રણ જણ પણ નાઠા. ચોરીનો
માલ તો ત્યાંને ત્યાંજ રહ્યો આ ચારે ચોરનું
નાસવું થતાંજ આપણા રતનસીંહ ખડ ખડ
હસ્યા અને બોલ્યા કે અહાહા દયાળુ ઇશ્વર

તારી ગતી ન્યારીજ છે અલ્પ સમયમાં તેં મને લાખો રૂપીઆનો માલદાર બનાવ્યો આ અણું-ધારેલો માલ મારા હસ્તક થયો ચાલ ત્યારે હવે ઉજાસ પણ થયો છે ગામમાં જતાં સમપુર્ણું સહવાર થઇ જસે એવું ધારી એ રત્નસીંહ તે ઝાડપરથી ઊતરી પડી નીચે આવી પેલા માલ ભેગો માલ બાંધી તે પોટલી મુલ્લી હાથમાં લઇ શહેરમાં દાખલ થયો સીધા સડકે ચાલી જતાં છતાં કોઇ તેને અટકાવનાર મલ્યું નહી ચાલતા ચાલતા છેક પોતાના લત્તામાં આવી પહોંચ્યા છતાં કોઈ અટકાવી શકયું નહોતું પણ કર્મને સંજોગે અને ભાવી મીથ્યા થતો નથી આપણા રત્નસીંહ પોતાની શેરીમાં પેસતાં જ એક સીપાઇ ભાઇએ અટકાવી પુછ્યું કે ભાઇ કયાંથી આવ્યા રત્નસીંહ કહે ગામ બહા-રથી ચાલ્યો આવું છું શીપાઇ કહે (નજર

જતાંજ) આ પોટલામાં શું છે છોડીને બતાવો ને પછી જવું હોય ત્યાં જાઓ આ સાંભળી રત્નસીંહે તે પોટલી છોડીને તે તમામ દાગીના છુટા પાડીને બતાવ્યાં, સીપાઈ કહે (જોયાબાદ) આ દાગીના ક્યાંથી લાવ્યા અને કોના છે તે રત્નસીંહને જોતા જોતા બોલ્યો રત્નસીંહ કહે આ દાગીના ઝાડ નીચે પડેલા હતાં તે ત્યાંથી લઇ ચાલ્યો આવું છું અને મારે ઘેર જાઉં છું આ સાંભળી તે સીપાઇએ આ રત્નસીંહને ખુબ ધમકાવતો હોય તેમ ક્રોધથી કહેવા લાગ્યો કે તું પક્કો ચોર જણાયછે આ દાગીના કોઇ સ્થળેથી ચોરી કરી લાવ્યો છે છતાં છુટી જવાની લાલચે જુઠું બોલે છે ચાલ તને મારા ઉપરી પાસે લઇ જાઉં એમ કહી તેનો હાથ પકડી તે સીપાઇ ઉપરીની પાસે ગયો અને ત્યાં દાગીના તથા ચોરને સોંપી પોતે પોતાને ઘેર ગયો. આ સીપાઇનો ઉપરી મી૦ લાલખાંની જગ્યા ઉપર આ૦

ચ્યો હતો તે એજ હતો એને પણ આ દાગીના જોઇ અ દેશો ઉત્પન્ન થતાંજ પોતેપોતાના ઉપરીને સોંપવાના વીચારથી આ રત્નસીંહને લઇ પોતાના ઉપરી સીતળવંતને ત્યાં આવી પહોંચ્યો વાંચક આ સત્યવાદી પુરૂષને જરાક અહંકાર થતાંજ આ જબરજસ્ત વીઘ્ન આવી પુગયું છે જોઇએ છીએ કે હવે એને એની સત્યતા કેમ સહાય કરે છે

સત્યનો બેલી શ્રીરામ સત્યનો સહાયક શ્રી હરિ જોઈએ છીએ કે સત્યવાદી સહાયક શું કરે છે અને કેવી રીતે તેનો બેલી ઉરફે છુટકારો થાયછે ૐ તત્સત્ પરમાત્માં સર્વે જગત જનોને સત્યવાન બનાવજે.

પ્રકરણ ૯ મું.

ખરા ચોર પકડાયા.

પ્રભાત થતાંજ રાજમહેલમાં દોડધામ થઇ રહી. ચારેમેર રાજમહેલમાં ચોરી થઇ ચોરી થઇ એ વાકયો ફેલાઇ ગયા સીપાઇઓ તથા ઘોડે સ્વારો ચારે દીશાએ તપાસ કરવા તથા ચોરને પકડવા નીકળી ચૂકયાં હતાં લશ્કરનો ઉપરી સીતલવંતને તો એક કલાક અગાઉની ખબર પડી હતી, અને તેથી તેમને પણ માણસોને તપાસને માટે ચોમેર દોડાવ્યાં હતાં. બાદશાહી મહેલમાં પણ તમામ સીપાઇઓના જીવ ઉડી ગયા હતાં, આટલાં આટલાં સીપાઇઓનાં પહેરા નીચે છતાં ચોર ચોરી કરી ગયો એ સર્વે અચંબો પામતા હતા મહેલમાં સર્વે નીરાશ જણા-તા હતાં બેગમ સાહેબ પણ અતી ખેદ કરતાં

વીચારતાં કે મારા હાથ મધેની અમુલ્ય બંગડી કાઢી લઇ જનારને પણ ધન્ય છે. આટલી ખબરદારી રાખતા છતાં પણ તે કેમ લઇ જવા ને ભાગ્યશાળી થયો બાદશાહ પણ એજ દુઃખ દાધમાં ગીરફતાર હતાં શું આ પહેરેગીરો બોઠ છે કે તે લુચ્ચા ચોરને પકડી શકયા નહીં. તમામને હવે હુ બરતરફ કરીશ બાદશાહ આ વા વીચાર કરે છે એટલામાં એક સીપાઇ ચીઠી લઇને આવી પહોંચ્યો તે બાદશાહે લઈ નીચે મુજબ વાંચવા માડી.

મહેરબાન ખુદાવંત શાહના શાહ આલમ-ખાનજી જોગ આપને લખીજણાવાની રજા લઉં છું કે ખુદાવંતની કૃપાથી આપને ત્યાંનો ચોરા-યલો માલ પકડાયો છે અને તેની સાથે બીજા કોઈ વણીકનો માલ પણ છે. કેમ ચોરી થઈ અને એ ચોરી કરનાર કોણ છે તે હું જાતો જાત દરબારમાં હાજર થઈસ ત્યારે કહીશ હાલ

તો તે ચોરને મારે કબજે રાખેલ છે હું દરબાર
નો વખત થતંજ ત્યાં ચોરને લઇ હાજર થઈશ.
લી૦ શેવક સીતલવંતના સલામ કબુલ રાખશો.

આ ચીઠી વાંચી રહેતાંજ બાદશાહના મનને
સંતોષ થયો અને પોતાના કાર્યને જલ્દી આ-
ટોપી લઇ દરબારમાં જવાને તૈયાર થવા લાગ્યા
હવે આપણે અત્રેથી છોડી પોલીશ અમલદાર
સીતલવંત તરફ વલવાની જરૂર છે માટે વાંચક
પોતાની નજર ત્યાં ફેંકશે સહવારના પહોરમાં
સુર્ય પોતાના કીરણો કોમળતાથી પણ જરા
ઉષ્ણુ ગતીમાં ચારેમેર ફેલાવી રહયા છે. તે
વખને બાગની મધ્યે આવેલા બંગલામાં એક
પુરૂષ બારી આગળ નીરાશ થઇ બેઠેલા જણાય
છે પચાસ પચાસ સીપાઇઓના પહેરા હોઠલ
છતાં બાદશાહી મહેલમાં ચોરી એ ચોરી કેમ
થઇ હશે તેનો કરનાર કેવો હોંશીયાર હશે વે
શું આ હજારો માણુસો (સીપાઇઓ) છતાં

પોતાના પ્રયત્નમાં ફાવી જસે આટલા બાહોશ અમલદારો તથા પોલીશ સીપાઇઓ છે તો પણ જો તે ફાવી જાય તો પછી મારૂ નામ સીતલવંત શાનું શાહ આલમ લખે છે કે બેગમ સાહેબના હાથ મધેની બંગડી પણ ઉતારી ગયો છે ચોર તને પણ સાબાસ છે આવીરીતે આ પુરૂષે વી. ચારમાં પોતાનો ઉષ્ણુતાનો તાપ વધાર્યો જેમ સુર્ય વખત જતાં પોતાનો તાપ વધારે છે તેમ આ પોલીસ અમલદારે પણ કર્યું અને પોતાના હાથ નીચેનાં તમામ સીપાઇઓમાંથી અરધા અરધને ચોગરદમ તપાસને માટે દોડાવી મુક્યા અને તેની આવવાની વાટ જોતાં પાછા બેઠા આ ખંતીલા! સીતલવંતને આ વખતે બીજું કાંઇ પણ કાર્ય સુજે એમ નથી સવારમાંથી ઉઠતાંજ આ સમાચાર મલ્યા છે ત્યારના એ એમને એમ બેઠા રહ્યા છે, દાતણ પાણી કે બીજું કાંઇ પણ કાર્ય કરવું એમને રૂચતું નહો

શું એમનો અસલથીજ એવો સ્વભાવ હતો
આ ખંતીલા સીતલવંતે આમ બેસી રહયાને
આસરે કલાકેક થયો હશે એટલામાં એક ટુંકી
પોલીશનો ઉપરી એ સીપાઈ અને એક ચોરને
લઈ ત્યાં આવી પહોંચ્યો ટુંકી પોલીશના ઉપ
રીનું નામ હરીલાલ હતું તેને જોતાંજ સીતલવં
તે કહયું હરીલાલ તમે કંઇક પત્તો મેળવી લા-
વ્યા ખરા વારૂ કાંઇ દાગીનાનો પત્તો મલ્યો
ખરો હરીલાલ કહે જી હા તમામ દાગીના આ
ચોરની પોટલીમાં મોજુદ છે મુદદો માલ બધો
એમાજ છે એમ કહી તે પોટલી છોડીને બધો
માલ બતાવ્યો આ ઉપરી અમલદારે તે દાગી
ના નોંધી લીધા બાદ તે આવેલા ચોરને ખુબ
બારીક નજરથી જોવા લાગ્યા પેલો ચીફ અમલ-
દાર પોતાને જે કાંઇ નોંધવવું હતું તે નોંધાવી
ચાલ્યો ગયો સીતલવંતને આ પુરૂષ જોતાંજ
કાંઇ યાદ આવ્યું ને તેથી પુછયું કે શું કોણ

છે તું મને ઓળખે છે તું કોઇ દીવસ આગળ મળ્યો હતો તારે ને મારે કાંઇ વાતચીત થઇ હતી ખરી બાદ આ સત્યવાદી ચોર કહે છ આપ મારો ભીખારી વેશ જોઇ મને ઓળખી શકતા નથી પણ હું સત્યવાદી રત્નસીંહ પોતેજ છું રતનાગરમાં આપને મળ્યો હતો તે તથા સત્યતાની કસોટી જોનાર આપ અને બતાવનાર હું પોતે સદ્‍ગુરૂપ ધધો બંધ કરનાર તમે અને આપનાં નામવર બાદશાહ મારી આ બુરી હાલત થવાનું કારણ પણ આપજ છો.

સીતળવંત વારૂ ત્યારે તમે સત્યવાદી પુરૂષ છો તો કહો કે આ માલ કયાંથી લાવ્યા છો. ત્યારે રત્નસીંહ કહે ચોરી કરીને. અમલદાર કહે કયાંથી રત્નસીંહ કહે બાદશાહનાં મહેલમાંથી શીતળવંતકહે તમે ચોરી કરો એવા માણસ નથી માટે તે વાતનો મને ભરોસો પડતો નથી

એમાં કાંઇજ જુદોજ ભેદ છે વળી તમે ટુંકી પોલીસ અમલદારને શું કહયું હતું રત્ન-સીંહ કહે હા તે પણ ખરૂં છે હું કેટલોક માલ ઝાડ નીચેથી પણ લાવ્યો છું આ તે હું જુદો કરૂં છું જુદો પાડી બતાવ્યો શીતળવંત કહે વારૂ તમે ઝાડ પાસેથી જતાં હતાં કે આવતાં હતાં ત્યાં દાગીના કેવી રીતે આવ્યાં તે તમે જાણો છો સત્યવાદી રત્નસીંહ કહે અમલદાર સાહેબ ત્યારે તમે એમજ કહોની કે તારો બધો વ્રતાંત અહી જણાવી દે પણ સાહેબ તેમ નહી બનસે હું કહીશ પણ દરબારમાં અહીંયા નહી દરબારમાં માટેજ કહું છું જે મને તમે હવે પુછશોજ નહી આણુંગમ આ વાત થાય છે એટલામાં બે ઘોડેસ્વાર ચાર ચોરને પકડીને ત્યાં લઇ આવ્યા ઘોડેસ્વાર કહે અમલદાર સાહેબ આ તસ્કર લોક ગામ બહાર નાસી જતાં હતાં તેથી અમો એ શક

ઉપરથી પકડયા છે અને પુછતા માલમ પડે છે કે એમને કોઇ વણીકને ત્યાં ખાતર પાડયું હતું પણ તે ઘર ધણી જાગી ઉઠવાથી નાસી જતા હતાં તેઓને આપની હજુર લાવ્યા છીયે આ સાંભળી સીતળવંતે તે લોકની જુબાની લેવા માંડી સીતળવંત કહે તમે જાતનાં કોણ છો અને અહીંઆ કયા જીલ્લામાંથી ચોરી કરી હતી ચોરો કહે બાપજી હમે તો ચોરી કેથે પણ કરી નથી હમે તો હમારે ગામ ઉતાવળથી જતા હતા એટલામાં હમોને પકડયા ને અહીં લાવ્યા છે આપ કૃપા કરો તો બાપજી હમો હમારે ગામ જઇએ ત્યાં તમામ દાગીના ખુલ્લાંજ પડેલા હતાં તેનાપર આ ચોર લોકોની નજર પડી અને બીહવા લાગ્યા કે આ દાગીના તેજ છે જરૂર ફસાઇ જવાના નીસ્ચે ચોરીનું તહોમત માથે આવવાનું હવે છુટવું મુશકેલ

છે પોલીસ અમલદાર સીતળવંતજીએ કહ્યું સુરચાઓ તમારી સુરચાઇ અહીં ચાલે તેમ નથી એટલામાં એક વણીક ત્યાં ગભરાયલો અને હાંફતો આવી પહોચ્યો ને કહેવા લાગ્યો જે ઓ અમલદાર બાપજી મરી ગયો મારૂ સરવસ લુટાઇ ગયું કેઇ તસ્કરોએ મારૂં ઘર ફાડયુ છે હું હાલ હવાલ થયો છું તપાસ કરાવો (છેક નજદીક આવીને અમલદાર સાહેબ મારે ત્યાં આજ રાતનાં ખાતર પડયું છે તેમાં કેટલાક દાગીનાં તથા રૂપીઆની થેલી ચોર ઇ ગઇ છે આ સાંભળી સીતળવંતે કહ્યું બહુ સારૂ દરબારમાં હરજી સાથે હાજર થજ્ને તમારો માલ હાથ લાગેથી મલસે વણીક કહે બાપજી પણ તે ચોરીની તપાસ તો કરાવો સીતળવંત કહે ઠીક બેસો તપાસ કરાવું છું એમ કહી એક કાગળ લઇ ચીઠી લખવા બેઠા પાંચ મીનીટમાં ચીઠી લખી લઇને તે

ચીઠી સીપાઇને આપી કહયું કે. આ બાદશાહ હજુરના હાથમાં આપો તેમાં લખ્યું હતું કે ખરા ચોર પકડાયા છે બાદ પેલો વણીક કે જેનું નામ અસત્યલાલ હતું તેને ધીરજ રહેતી નહોતી તે મનમાં હીજરાતો હતો કે. આ અમલદાર સાહેબ તપાસ કરાવતા નથી તે મારો માલ જતો રહેશે પોલીસ લોકો બહુજ બે પરવાઇ રાખે છે આ વણીક આમ વીચાર કરે છે એટલામાં તરતજ સીતળવંતે વણીકને કહયું કે જુવો પેલો માલ જે ટેબલપર છુટો છુટો પડયો છે તેમાં કાંઇ તમારો છે અને કદાચ હોય તો આઘેથીજ બતાવજો વણીક તે જોતાં હરખાઇ ગયો ને બોલ્યો કે અમલદાર સાહેબ મારા દાગીના પેલા રહ્યા અને પેલી થેલી પણ હું જે કાલે કોરટમાંથી લાવ્યો હતો તે એ રહી અમલદા-રજી એજ મારો માલ છે આપને કયાંથી

મહ્યો સીતલવંત કહે બસ જાવો તમે દરબાર માં હાજર થજો ત્યારબાદ એ અમલદારે રત્નસીંહને ખુલાસો કરવાની આજીજી કરતાં તુરતજ તમામ હકીકત કહી દીધી હતી અને સાથે સાથે પોતની પાસે રૂપીઆ માગનારને બોલાવાનું પણ કહયું તેથી એક સીપાઇને તે પુરૂષને બોલાવી લાવવાનું કહયું થોડીજ વારમાં તે લેણદાર પણ આવી પહોચ્યો.

પ્રકરણ ૧૦ દશમું.

સત્યતાનો સીદ્ધાંત.

આગલ જણાવી ગયા મુજબ આજે પણ નીયમીત વખતે દરબાર દરબારી જનોથી ભરાયો હતો બાદશાહ આલમખાનજી પુર ઠાઠમાઠ અને

ભપકા ભરેલા ડ્રેસમાં સજ થયલા જણાતા હતા બાદશાહનો ચહેરો આજે કાંઇ ક્રોધ યુકત જ. ણાતો હતો એમની આંખ ગુસ્સાથી ભરેલી દ્રષ્ટી ગોચર થતી હતી તેથી એમ અનુમાન થતું હતું કે કાંઇ ભારી ત્રાસ વર્તાવનાર છે એમની બેઠકની નજદીકમાંજ એક ટેબલ ગોઠવેલું હતું કે જેનાપર ચોરીનો માલ મુકવામાં આવ્યો હતો તે ટેબલપર આજે કેટલોક ઝર ઝવેરાતનાં દાગીના તથા થેલીઓ પડેલી જણાતી હતી અને તેથી કાંઇ ભારી કેસ ચાલનાર હોય એમ સર્વે કોઇના ધારવામાં આવતું હતું ત્યારપછી બાદશાહનો હુકમ થતાંજ કેસની શરૂઆત થઇ બાદશાહે (ક્રોધથી) કહ્યું ચોર લોકને હાજર કરો આ સાંભળતાંજ દરબારી સીપાઇએ પહેલો ચોર રત્નસીંહને તેને ઉભા રહેવાની જગ્યાએ હાજર કીધો વાંચનારને જણાવવાનું કે આ ચોરને હાથ કડી પહેરાવવામાં આવી નહોતી તેનું કારણ

આગળ વાંચી ગયા છીએ. તેથીજ એને વગર બેડીએ હાજર કીધા હતો બાદશાહ આલમખાન જીએ જ્યારે જોયું કે આવા ભારી ચોરને વગર બેડીએ રાખ્યો છે એ કેટલી પોલીસ લોક ની બેદરકારી છે અને ગુસ્સામાં લદબોળ થઇ કહ્યું શું તમે આવા જુલમગાર ચોરને છુટો મુકી રૈયતનાં હીતને હાની પહોંચાડવાનો પ્રયત્ન કરો છો એને એકદમ બેડીથી જકડી નાંખો કેટલું અંધેર છે. શું આવા માણુસને છુટો મુકવો વાજબી છે ક્યાં છે. પોલીસ અમલદાર સીતળવંત આ સાંભળતાંજ પોતાની બેઠક છોડી સીતળવંત અમલદારે બાદશાહ હજુરને સલામ કરી ચોરને બેડી પહેરાવી ને ગયો ને તે પહેરાવી બાદ બોલ્યા કે જી હજુર મારી એક નર્મ વીનંતી છે જો હજુરની ફરમાસ હોય તો પ્રકાશીત કરૂં બાદશાહ કહે આ કેસને લગતી હોયતો હું સાંભળીશ સીતળવંત કહે

છી હજુર આ ચોરને લગતીજ છે બાદશાહ કહે ઝટ કહો સીતળવંત કહે આ તસ્કર જેનું નામ સત્યવાદી રત્નસીંહ છે આગળ એકાદ વર્ષને આસરે આપણા દફતરમાં એમનું નામ આવી ગયું છે એમની સચ્ચાઇની આગળ આપણી આ બેડીઓ નકામી હોવાથી હજુરના તસ્કરને પહેરાવી નહોતી એટલુંજ નહી પણ આવી આવી દશ બેડીઓ પહેરાવો કે એને આખે શરીરે જકડી નાંખો છતાં પણ એ એની સચ્ચાઇના બળ વડે છુટો થસેજ બાદશાહ કહે છટ હું એ વાત માનતો નથી જે માણસ ચોરી કરે તે સાચો હોયજ નહી સત્યવાદી પુરૂષ કોઇ દહાડો ચોરી કરેજ નહી એઇ સીપાઇ એને હાથ પગ અને ગળામાં બેડી પહેરાવી સાંકળથી જકડી નાંખો જોઇએ છીએ કે એ કેટલો સત્યવાદી પુરૂષ છે આ સાંભળતાંજ સીપાઇએ સત્યવાદી પુરૂષને હેરાન કરવા માડ્યો સત્યવાદી રત્નસીંહે

આ આવી પડેલી દૂખ દશાને જોઇ શાંતી ધરી રહી સત્ય પ્રભુને તથા સત્યતા દેવીને એકું ચીતે યાદ કરવા લાગ્યો પેલા સીપાઇએ બાદશાહનાં હુકમથી આ સત્યવાદી પુરૂષને ચોગરદમથી લોખંડની બેડી તથા સાંકળે જકડી દીધો સત્યવાદી રત્નસીંહે દેવી સત્યતાને અનેકવાર સંભારતાં છતાં પણ કાંઇ છુટકારો થયો નહી તેમ તેમ આ વીશેષ અકળાવા લાગ્યો ને વધુને વધુ જડપથી સંભારવા લાગ્યો બાદશાહે આ ઢીલ થતી જોઇ કહ્યું કે કેમ તમારૂ સત્ય પણ ક્યાં ગયું તમે સત્યના હીમાયતી નથી પણ પૂર્ણ પાપના હીમાયતી છો જો તમે સત્યનાં ખરા હીમાયતી હોત તો આટલે ક્યારનાએ છુટા થઇ ચુકયા હોત રત્નસીંહ કહે (પુર્ણ આ વેસમાં) શાહ આલમ હું પાપી માણુસ યાતો જુઠો માણુસ હોવું તો પ્રભુ અમર સત્યતા દેવી આ આફતથી મુકત કરશે નહી પણ જો

હું સત્યવાન હોવું અને આ કેદથી મુકત થાઉં તો તમે મને કાંઇ રાહેત આપશો. બાદશાહ કહે જો તું મારી નજર આગળ ખરો સત્યવાદી ઠરે તો તું માંગે તે આપવું અથવા તું ખુસી થાય તેમ ખુશ કરવો આ સાંભળી રત્નસીંહ પુર્ણ જોસમાં આવી આખા દરબારને ગજાવી નાંખે એવા મોટા અવાજથી કહેવા લાગ્યો કે ઓ સત્યતા ઓ સત્યતાદેવી તારો હું ખરો પાલક હોઉં અને આજ દીન સુધીમાં કોઇપણ દીવસ જુઠું વેણુ નહી ઉચાર્યું હોય તથા અસત્ય ભાષણ નહી કીધું હોય તો આપ અત્રે પધારી મેજ ખાસ આ બંધનથી મુકત કરશો આ શબ્દો પુરેપુરા નહી થતાંજ દરબારના મોટા દરવાજા માં એક આઠ વરસની સુંદર બાલીકાએ પ્રવેશ કીધો સુંદર બાલીકા રૂમઝુમ કરતી એ સત્ય વાદી પુરૂષ પાસે આવી પહોંચી અને કહેવા લાગી કે ઓ સત્યના પાળક રત્નસીંહ તે મને

વશ કરી દીધી છે માટેજ મારે તારા હુકમને માન આપી અહીં આવવું પડયું છે આ શકોમલ મધુર શબ્દો દરેક સભાસદ અને ખુદ બાદશાહ શુદ્ધાંજ સાંભળતાં હતાં બાદશાહ આ બાલીકાને જોતાંજ કાંઇક અચંબામાં આવી પડયા હતાં પણ પાછળથી મન વાળ્યું કે એ છોકરી શું કરનારછે સુંદર બાળીકાએ પોતાના શબ્દો પુર્ણ કરતાંજ પોતાની એક તર્જની સુંદર આંગળી અડકાડી ને દૂર રહી આ આંગળીનો સ્પર્સ થતાંજ લોખંડની બેડી તથા સાંકળોનાં ટુકડે ટુકડા થતાં જમીનપર પડયાં સર્વે આ જોઇ અચંબામાં ગરકાવ થયાં એટલામાં આ બાલીકા એકાએક મોટી થતી જણાઇ અને જોતજોતામાં ભર જુવાન વયની પરમ સુંદર સુંદરી બની રહી એટલુંજ નહી પણ સાક્ષાત દેવી પોતાના ચતુરભુજ રૂપમાં પ્રગટ થયા અને તેજનો પ્રકાશ ચોગરદમ પ્રકાશી રહયો અને છેવટે બોલ્યાકે 'સુ-

ત્યવાદી રત્નસીંહ તારી સત્યતાથી હું તારી દાસ થઇછું જેમ શ્રીકૃષ્ણે કહયું છે કે "સ્વર્ગ મૃત્યુ પાતાલમાં, જલથલમાં મારો વાસ, સુંણુ ઇંદ્રસુત તુજને કહું હું થકી અદકોદાસ." શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે કે મારો દાસ મારા કરતાં પણ (અરજુન ગીતા) અધીક છે માટે હવે જે કાંઇ દુખ હોય તે કહો હું દુર કરવાને ચારે હાથે તૈયાર છું તું પણ મારાથી અધીકછે રત્નસીંહ કહે મારે બીજું કાંઇજ દુખ નથી ફકત હું એટલુંજ માગું છું કે આપ સદા મારે ઘેર વાસ કરી રહો કે જેથી હું અચળપણે મારી વર્તણુક ચલાવી શકું દેવી કહે તથાસ્તુ એમ કહી તુરત ગેપ (અંતરધ્યાન) થઇ ગયા હતા કેસરચંદનના પગલા ત્યાં પડી રહયા હતાં.

પ્રકરણુ ૧૧ અગીયારમું.

બાદશાહી ઈન્સાફ.

દરબારગઢ દરબારીઓ છતાં સુન્ય દેખાવા લાગ્યો કારભારીઓ છતાં કારભાર કાંઇ ચાલતો નહોતો દરબારનાં પહેરેગીર છતાં કોઇ છેજ નહી એમ જણાતું હતું દરબારમાં થતો ઇન્સાફ પણ ઈન્સાફવાડામાં જતો રહેલો જણાતો હતો ન્યાયાધીસો ન્યાયના શબ્દો પણ સરખાં કાનને સંભળાવતાં નહી એટલુંજ નહી પણ એક નાનુ મંડળ પણ આ વખતે ટહુકો કરતું નહી તેમજ કંસારી જેવું પ્રાણી પણ પોતાનો ઝીણો સ્વર કાઢતું નહોતું તમામ સુન્યકાર થઇ રહયું હતું આવું સુન્યકાર થવાનું કારણુ તે સુંદર બાલીકા જ હતી જે વખતે એ બાળાએ રત્નસીંહને

આંગળી અડકાડી ને બેડી તથા સાંકળો તોડી તેજ વખતે બાદશાહ વીગેરે સીપાઇઓને એમજ થયું કે આ કંઇ બાલીકા નથી પણ પીસાચણી છે માટે એને પકડીને કેદ કરો અને એ વિચારો સત્યતાએ જાણુતાજ પોતાનું રૂપ પ્રકાશયું અને તેની સાથે પોતાનું પ્રઉઢ તેજ વધાર્યું તથા સર્વે કોઇ ભાન રહીત થઇ મુરછાંગત થયા હતાં સત્યવાદી રત્નસીંહે તો આ દેવીને આગળ જોઇ હતી અને પાછો પોતે સત્યનો પાળક હતો એ ટલે કાંઇ પણ ડરી કે ડગી શકયો નહોતો કેસર ચંદનના સુવાસીત પગલાની ચારેગમ સુવાસ અને મીઠો પવન પ્રસરતાંજ એક પછી એક જાગ્રત થવા લાગ્યા જ્યારે સર્વે જાગ્રત થયા અને જોયું કે સાહુકાર ચોર તો અડગ રૂપે ઉભો છે બાદશાહ આલમખાને રત્નસીંહને નીડરપણે ઉભેલો જોઇ મનમાં નીશ્ચયજ થયો કે જો એ પુરૂષ કોઇપણ રીતે ભુંડા કૃત્યોવાળો હોત તો

આ બધાની ગફલતમાં ક્યારનોએ નાસી ગયો હોત માટે એ પુરૂષ ખરેખર કોઇ સત્યવાદી નર છે આમ ધારી બાદશાહે પોતાનું મન તો નકકી કરી લીધું છતાં પણ જાણે બધુંજ ભુલી ગયા હોય એમ પુછેછે જે રત્નસીંહ જ્યાં ઉભેલા છે ત્યાંના ત્યાંજ છે બાદશાહ કહે રત્નસીંહ તું સાચું બોલતો હોય કે જુઠું બોલતો હોય તેનું હમારે કામ નથી હું જે પુછું તેનો ઉત્તર તારે ખરે ખરો આપવો રત્નસીંહ કહે બાદશાહ આલમ હજુ આપની ખાતરી થઇ નથી એમ લાગેછે ભલે ખેર પણ આ રત્ન સીંહ એબલો આપને નહી પણ આખા જગતને સચ્ચાઇ સીવાયનો એકપણ શબ્દ મુખથી ઉચારશે નહી બાદશાહ કહે રત્નસીંહ તેં હમારા મહેલમાંથી ચોરી કરી છે અને તે ચોરી કરવનું કારણ શું રત્નસીંહ કહે બાદશાહે આલમ આપના મહેલમાંથી ચોરી કરી છે એટલુંજ નહિ પણ

એક સોનાની મહોરની થેલી તથા કેટલાક દાગીના તથા એક જોડ બંગડી તો બેગમ સાહેબના હાથની ઉતારી હતી સોનાની મહોરની થેલી લેતાં પણ મને બે દેવીનાં દર્શન થયાં હતાં અને તેમના પ્રતાપથીજ હું લઇ શકયો હતો વળી હું જણાવીશ કે મારે ચોરી કરવાનું કારણ એજ કે સચ્ચાઇ સચ્ચાઇ ને સચ્ચાઇને માટેજ મધ્યરાત્રે તસ્કરનું કામ કરવા નીકળ્યો હતો આપ સાહેબે મારો ધંધો કરવાની મને મનાઇ કરી હતી જેથી હું હાલ ઉંડા દેવામાં ઉતરી પડયો છું તેવામાં એક માગનારે જે હમણા હાજર છે તેને બહુ ઉતાવળ અને જબરાઇ કરેલી હેવાથી મારે તેને બીજા દીવસનો વાયદો કરવો પડયો હતો અને તે વાયદા મુજબ મારે એને આપવા ખાતર મેં આપનેજ ત્યાં ચોરી કરી હતી બાદશાહ કહે રતનસીંહ હવે હું તારાપર ભરોસો રાખું છું માટે જો

ચોરી કરવા ના કબુલ કરતો હોય તો તને છોડી દેવામાં આવશે અને જો તું હા કહેશે તો તને સખતમાં સખત શીક્ષા થશે કારણકે મોટા ઘરની ચોરી છે અને તે કાયદા મુજબ થશે રતનસીહ કહે બાદશાહ આલમ આપનું કહેવું કદાચ તે સત્ય હશે તોપણ હું મારી સચ્ચાઇના વડેલા શબ્દો ફેરફાર કરી શકીશ નહી કદાચ સખત શીક્ષા તો શું પણ એથી વધારે કદાચ મારૂ શીર જાય તોપણ સત્યતા કદી જશે નહીં બાદશાહ મારી સચ્ચાઇની અધુરી રહેલી વાત પુર્ણ કરીશ આપ ખાનદાનનાં મહેલને છોડી જતાં એક બે સીપાઇઓ મારી પાછળ લાગ્યા હતા તેમાં મે મારી શકતી મુજબ બચાવ કરી છટકી નાઠો હતો ત્યારબાદ ગામ બહાર જઇ એક ઝાડ ઉપર વીશ્રામ લેવા બેઠો હતો એટલામાં ત્યાં ચાર ચોર જે અત્રે પકડી લાવવામાં આવ્યા છે તેમને પણ ત્યાંજ તેજ

ઝાડ નીચે આવી ચોરેલા માલનો ભાગ વેંચતા હતા તે જોઇ તે માલને પડાવી લેવાનું મન થયું એમ નહી પણ તે લોક મને જોસે એવા ડરથી મેં તેને નશાડવા પ્રયત્ન કીધો અને તેમાં હું ફળીભુત થયો ને તે લોક ન્હાશી ગયા તેવોજ હું નીચે ઉતરી તે માલ તથા આપનો સર્વે માલ લઇ ખુલ્લા દીલે મારા મકાન તરફ ચાલી જતો હતો અને ત્યાંથી મને પકડવામાં આવ્યો વળી વીશેષમાં પોલીસ અમલદાર સીતળવંત જાણે છે તેમને વાટ મેંજ કહી છે માટે ત્યાંથી પણ તમને ખુલાશો થશે વાંચક આપ તો સર્વે વાતથી જાણીતાંજ છો એટલે વીશેશ કહેવાની કાંઇ જરૂર નથી હવેનો આપણે જોઇએ કે બાદશાહે આલમ કેવો ચુકાદો આપે છે બાદશાહ કહે સીપાઇ બીજા ચોર લોકને હાજર કરો અને આ સત્યવાદી પુરૂષને એઠક આપો દરબારના સીપાઇઓએ તેમ કીધું રત્ન-

સીંહને બેસવાની એક ખુરસી મળી તેના ઉપ
બેઠા બાદશાહે કહ્યું (ચોરને) તમોએ અસતયલા
ના ઘરમાં ખાતર પાડયું હતુ કે ચોર કહે નાજી
બાદશાહ કહે વારૂ ત્યારે ચોરી કરી હતી કે
નહી ચોર કહે નાજી હજુર હમે તો હમારે ગામ
આલ્યા જતાં હતાં એટલામાં પોલીસે આવી
પકડયા. છે હમે તો નીરદોશ છઇએ બાદશાહ કહે
તમે કોઇ ઝાડ નીચે બેઠા હતા આ શબ્દો સાં
ભળતાં એક ચોરે કહયું હા અને બીજા ત્રણે
કહયું નાસાહેબ બે મત થયા અણુ વીશ્વાસ
બધાયો બાદશાહે કહયું આ ચારે જણને જુદી
જુદી કોટડીમાં કેદ કરો અને પછી વારા ફરતી
એકેકને લાવો તેજ મુજબ સીપાઇઓએ બાદ
શાહી હુકમ અમલમાં લાવી સર્વને કેદ કીધા બાદ
એક પહેલા ચોરને બોલાવી બાદશાહે જુબાની
લેવા માંડી બાદશાહ કહે઼ ઓ ભલા માણસ તું
સાચોજ માણસ લાગે છે માટે જે સાચુંજ હોય

તે કહી દેજે કે તમે હમારા ગામમાં કેમ આવ્યા
હતા અને પછી પાછા જલદી જવાનું શું કારણ
પહેલો ચોર કે જેનું નામ તડાકાદાસ હતું
તડાકાદાસ કહે હમે ચારે જણા હુંડીના રૂપીઆ
લેવા આવ્યા હતા પણ તે સરાફ મરી ગયો જા
ણી જલદીથી ઘેર જતા હતા બાદશાહે આ
જવાબ સાંભળી જાણ્યું કે આ માણસ જુઠો અને
ખંધો તેમજ પાકો તસ્કર જણાય છે માટે એને
લઈ જવાની આજ્ઞા આપી બાદ બીજો ચોર કે
જેનું નામ રઘાલાલ હતું તેને ઉપર મુજબ
પુછતાં કહયું કે હજુર હમે આપના ગામમાં ધન
લેવાનેજ આવ્યા હતા પણ તે લગ્નને જતાં રસ્તા
માં લુટાઈ ગયા હતાં અને તે લુંટારાના ભયથી
હમો નાસતાં જતાં હમોને સીપાઇએ પકડ્યા છે
બાદશાહે આ રઘાલાલની જુબાનીથી જાણ્યું કે
એ કાંઇ સાચુંજ બોલે છે માટે એને ધમકાવ્યા
થી વધુ ખુલાસો થશે બાદશાહ કહે (પોતાનો

મીજાસ ખોઇને) લુચ્ચા હરામખોર સાચુ બોલ
તમો પેલા વણીકને ત્યાં ખાતર પાડયું હતું કે
નહી બોલ ઘરમાંથી શું શું હાથ લાગ્યું હતું
રઘાલાલ કહે પણ હમારી પાસે કાંઇ રહયું ન-
થી તે એક ભુતે પડાવી લીધું હતું બાદશાહ
મનમાં સમજ્યોકે આ વાત મળતી આવેછે ઠીક
સીપાઇ જાવો એને પણ લઇ જાવો બાદ ત્રીજો
ચોર કે જેનું નામ લબાડીલાલ હતું તેને પણ
ઉપર મુજબનોજ સવાલ પુછતાંજ કહેવા લાગ્યો
કે લબાડીલાલ કહે ખુદાવીંદ હું આપને શું કહું
હમો ચારે જણ એક વરને પરણાવવા
આવ્યા હતા પણ તે ગઇકાલે રાતનાંજ
મરી ગયો તેથી હમે હમારૂં મોહું છુપાવી
નાસી જતાં હતાં તેવામાં ઘોડેસ્વારે આવીને
પકડયાં બાદશાહે આ જુબાનીપરથી જાણ્યું કે
આ લબાડીલાલે પોતાની લબાડ વાત
ચલાવી માટે લાવ એને વધુ પુછું બાદશાહે

કહે તે વરરાજાનું શું નામ હતું અને
તમો કોને ત્યાં લગ્ન કરવા આવ્યા હતા તેનું
નામ તથા તેની કન્યાનું શું નામ હતું લબા-
ડીલાલ કહે શાહ આલમખાનજી તે કન્યાનું નામ
લક્ષ્મીબાઇ હતું અને તેના બાપનું નામ તો
અમને ખબર નથી ત્યાર બાદશાહે એને પાછો
મોકલી દીધો ને ચોથા ચોરને બોલાવી મંગા-
વ્યો અને ઉપર મુજબ સવાલ પુછતાં તેને
પણ જુઠું જ બોલી પોતે પોતાનો બચાવ કીધો
બાદશાહ આલમે તેથી તે લોકોને પોલીસને
સોપ્યાં ને કહયું એમને ચારે જણાને માર
મારીને દાબથી મનાવશો કે તુરત માનશે જો કે
ચોરી કરી છે એતો એમના શબ્દોથીજ
સાબીત થાય છે આ સાંભળી પોલીસ અમલ-
દાર શીતળજીતે તે ચોરને મારમારી કબુલ કરા-
વ્યું ને પાછા દરબારમાં હાજર કીધાં બાદશાહે
પુછતાં તમામ હકીકત સાચે સાચી કહી વધુ

ખુલાસો રત્નસીંહના પુરાવાથી થયો જેથી પછી તે લોકોને તથા રત્નસીંહને નીચે મુજબ શીક્ષા કરી બાદશાહે કહયું આ ચોર પાકા ચોર છે એમ એમનીજ જુબાની ઉપરથી સાબીત થાય છે બીજું કોરટને જુઠું બોલી નકામી ખોટી કીધી છે માટે એ લોકોને ૭ ૭ વરસની કેદ સખત મજુરી સાથે ફરમાવું છું બીજું હવે સત્યવાદી રત્નસીંહે મારા મહેલમાં પ્રવેશ થઇ ચોરી કરી ખરી પણ તે એક સચ્ચાઇનો ટેક જાળવવાને ખાતર કરી છે વળી તે દેવીની સહાયતાથી કરી છે પોતાનાપર આવી પડેલા દુઃખને માણસ માત્રની ફરજ છે કે તેને અનેક ઉપાયો લઇ દુર કરવું અને પોતાનો બચાવ કરવો તેમજ આ રત્નસીંહે કરયું છે માટે એમનો ગુન્હો માફ કરવામાં આવે છે વળી એ સત્યવાદી પુરૂષને માટે વીશેષમાં જણાવીશ કે એ પુરૂષ સત્યવાદી પુરૂષ છે દૈવી સહાય એ કાઇ જેવી

તેવી નબળી પોંચી વાત નથી એ પુરૂષનું તેજ 'પ્રમાણે વર્તન છે ને તેથીજ એમને સહાય છે માટે હવે આજથી એમને હું મારાં દરબારમાં ખાલી પડેલી જગ્યા રૂા. ૧૫૦)ના માસીક પ. ગારની જે છે તે એમને આપવા તઇયાર આવા અતી ગુણુવાન પુરૂષોને જયારે એ. જગ્યા નહી તો પછી કહેવાઓને આપશું.

પ્રકરણ ૧૨ બારમું.

સત્યનો જય જયકાર

ધનાઢ્ય પુરૂષોનાં અનેક મકાનો જેવું સુંદર એક મકાન ઉંચા ગગન મંડળ સાથે વાતો કરતું જણાય છે આ મકાનની બાંધણી બહાર થી તેમજ અંદરની ઘણીજ શોભાયમાન અને

વખાણુવા જોગ છે પણુ તે મકાન હમણુાજ બંધાયું હોય એવું નવીન જણુાતું હતું પણુ તેમજ એ મકાનને બાંધ્યાને ઘણું તો પુરા છ માસ પણ્ નહી થયા હોય આ સુંદર મકાનમાં એક શેઠીઓ રહેતો હતો જેનું દરબારમાં હાલ એક વરસ દીવસ થયા ઘણુંજ માન વધી ગયું છે એ મકાનને ઓટલે હમેશા હાલ તો ચાર સીપાઇએ બેઠેલા જણુાતા હતા જુવો જુવો હાલ તે પણ્ હાજર છે

આપણે સીપાઇઓને જોતાં જોતાં આપણી નજર ઉંચે કમાનદાર બારીઓમાં ગઈ ત્યાં એક ભવ્ય પુરૂષ બારી આગળની આરામ ચેરપર પડયા પડયા છાપુ વાંચી રહયા છે તેમની પાસે હીડોળા ખટપર એક સુંદરી પોતાના હાથની કંચનની બંગડીઓ જોઇ રહી છે અને તેની પાસે એક નાનકડા કોચપર ગૌરીબાળા કાંઈક ગુંથી રહી હતી હીંડોળા ઉપર હીંચતી સુંદરી

નાં હાથમાં સુંદર બાળક પણ હતું તેની ઉમર બહુજ નાની હતી આસરે ૭ માસની હસે આ સુંદરીએ પોતાની હાથની કંચનની બંગડીઓ જોઈ રહેતાંજ તથા તે બાળકને વહાલથી મધુર ચંબુન કીધું અને મધુ વચને બોલી કે પ્રીય પતી આ બંગડીની વેલ ઘણીજ સુંદર છે કહે પ્રીય સુંદરી હા તે વખતમાં ને આજના વખતમાં પણ કેટલો ફેરફાર છે અને તેમાં કેટલો બધો તફાવત પડી ગયો છે કે જોની તે દીવસે પુરેપુરા ખાવાનાં પણ વાંધા હતા અને આજ ચાર તો નોકર આપણા ઘર ખાનગીનાં છે તેનું પણ પોષણ થાય છે ને વખત બે વખત દરબારનાં પણ આવે છે સુંદરી કહે પ્રીય પતી મારી ભુલ થઇ છે કે મેં આગલની યાદ કરી ગઇ તીથી તો બ્રાહ્મણ વાચતાંજ નથી તો પછી આપણે શું કામ સંભારવી જોઇએ પણ સ્વામી નાથ તમે કહેતા હતા કે બીજી બે મોતીની તે

એક હીરાની બંગડી તઈયાર કરવા આપી છે તે હજુ કેમ આવી નથી વારૂ પતી કહે પ્રીયા તેમાં તેને કામ ઘણુંજ છે હું ધારૂં છું કે કાલે આવી જશે આપણે તપાસ કરાવીશું આ શબ્દો પુરા થતાજ પેલી ગૌરીબાળા બોલી ઉઠીકે પીતાજી મારો ચંદરહાર કયે દહાડે આવસે એ સોની બહુજ દીવસ લગાડે છે પીતા કહે બેટા રત્ન ગવરી મેં તેને કાલેજ કહયું હતું તે કહેતો હતો કે તૈયાર છે ફકત પાલીસ કરવાનો છે આજે જરૂર લાવસે વાંચક જોયો આ ધનાઢય ગ્રહસ્થનો ઘર સંસાર કહેવત છે કે દુખે સાંભરે રામ ને સુખે સાંભરે સોની તે મુજબ આ સુખી કુટુંબ સોનીને સંભારી રહયું છે જેને ઘેર લક્ષ્મી દેવી લીલા- લહેર કરી રહી છે તેને ત્યાં એમજ હોય છે જોત જોતામાં સોનીરાય આવી પહોંચીયા સો- નીરાય કહે કેમ બેન આવી પહોચીયા કેની ગૌરી-

બાળા રત્નગવરીએ તે ચંદન હાર હાથમાં લેતાં લેતાં કહયું કે પણ તારો વાયદો તો કાલનો હતો સોનીરાય કહે બેહેન એક દીવસ મોડું થયું તેમાં પણ મોડુ કહો છો રત્નગવરી કહે ના પણ હાર તો ઘણોજ સરસ બનાવ્યો છે બાદ તેને મજુરીના પૈસા ચુકવી આપતાંજ તે ચાલી ગયો ને સર્વે ભોજનનો વખત થવાથી ભોજન કરવા ગયા પ્રીય વાંચક તમો આ સુખી કુટુંબને માટે અનેક વીચારો કરી રહયા હશો કે તે કોણ છે તો હું તેનો તમને જલદીથી ખુલાશો કરી દઇશ કે એ ગ્રહસ્થ બીજો કોઇ નહી પણ સત્યવાદી રત્નસીંહ અને તેમનાં ભલા પતની સીતળબાઇ તથા ગોરીબાળા રત્નગવરી હતાં એ કુટુંબ બાદશાહના અલોકીક પ્રેમથી આટલા ચડતા દરજાપર આવ્યા હતાં અને સુખી થયા હતાં દરબારમાં બાદશાહે અનેક જનોને આ પુરૂ-ષના પગલે ચાલવાનું કહી બાદ એ પુરૂષને

તમામ દાગીના ભેટ કીધા હતા અને દેવાદારનું દેવું પણ ત્યાંજ તે વખતે ચુકાવી આપ્યું હતું આ પુરૂષને પગલે એટલે એમ નથી સમજવા-નું કે ચોરી કરવી પણ તેના જેવુ દ્રઢપણે સત્યે ચાલવું એજ તે વાકયનો સીદ્ધાંત હતો આ સત્યવાદી રત્નસીંહને દરબારમાં રહ્યાને ચોખ્ખા બાર માસ થયા હતાં પણ તેટલામાં તેમની કીર્તી તમામ ઠેકાણે પ્રસરી રહી હતી. આ રત્નસીંહ સત્યવાદી છે એ વાત આખા ગામમાં ઝપાટાબંધ ઉડી રહી હતી અને તેથી દરેકજન લોક દરેક વાતનો નીકાલ એમની પાસે આવી કરાવા લાગ્યા હતા જેથી એમના નામ આગળ સત્યવાદી દરેક ઠેકાણે લખાતું હતું સત્યવાદી રત્નસીંહે છ માસમાંજ આ સુંદર મકાન બાંધ્યું હતું અને તેમાં રહેવા લાગ્યા હતાં ભોજન કરવા ગયલા પછી દમ્પતી અને બાળા રત્નમંજરી પોત પોતાની ઇચ્છા મુજબ

આરોગી ઉઠી ગયા હતાં બાદ મુખવાસ લઇ સત્યવાદી રત્નસીંહ દરબારમાં ગયા હતાં તેમને ત્યાં પણ સારૂ સન્માન મળતું હતું દરબાર પાંચ વાગે ખલાસ થતો હતો સત્યવાદી મકાન પર આવી નમતે પહોરે ગાડીમાં બેસી વખતે બાળા સાથે વખતે સજોડે બહાર ફરવો જતા હતાં નગરજનો આ શેઠને જોઇ હરખીત થતાં હતાં અને અકેકને ઓળખાવતાં હતાં કે આ ખરોજ સત્યવાદી પુરૂષ છે બોલો શ્રી સત્યદેવીનો જય સત્યેજ સઘળું સુખ મળે છે એ આ નોવેલથી સીદ્ધ થાય છે માટે દરેક વાંચકે અવસ્ય તે સ્વીકારવું જોઇએ.

સમાપ્ત

જાહેર જોગવાઇ વાંચો.

હમોએ ખાસ નીચે મુજબની જાહેર જોગવાઇ ગરીબોને માટે રાખી છે જે વાંચવાથી ધ્યાનમાં આવશે.

સત્યવાદી વીરસીંહની વાર્તા

આ વાર્તા નવરસથી ભરપુર અને ઉત્તમ જ્ઞાન આપનારી તેમજ ગરીબોને કે શ્રીમંતોને એક સરખી લાભકારક છે વળી તે આજકાલનાં ઉછરતાં યુવાનોને અતી ઉપ્યોગી થઇ પડે એમ છે કેમકે એમાં સત્યનો તમામ રસ જણાવવામાં આવેલ છે છતાં પણ એ વાર્તા દરેક ઉપ્યોગી

થઇ પડે માટે તેની કીંમત ફકત એક આનો રાખવામાં આવશે.

દરેક કુટુંબોમાં તથા લાયબ્રેરીઓમાં રાખવા લાયક થશે આ વીગેરે

પુસ્તકો મળવાનું ઠેકાણું.

કર્તા વીઠલદાશ ગોકળદાશ

હરીપુરા ગુર્જર ફળીયા મધેથી મલશે-સુરત.

જાહેર ખબર.

તૈયાર થાવ તૈયાર થાવ નામ નોંધાવો

પાછળથી રહી જસો

"વીનયલાલ."

આ નામનું પુસ્તક અતી ઉપયોગી અને જ્ઞાન-
દાયક રચીને તૈયાર કરવામાં આવેલ છે જેમાં
અનેક વીષયો ઘણીજ સંભાળ પુર્વક ચર્ચાવામાં
આવ્યા છે "વીનયલાલ" નામના પુરૂષે કેવા
કેવા કામો અને કેવી ધીરતાથી દુખો ખમેલા
છે તેનો આબેહુબ ચીતાર ચીતરવામાં આવ્યો
છે વળી એમાં પ્રેમરસ શાંતરસ હાસ્યરસ વીગેરે
દરેક રસો તથા વીષયોનો સમાવેસ કરવામાં

આવ્યો છે તેમજ એ પુરૂષનું પરદેશ પર્યટનનો વીસ્તાર પણ આપવામાં આવ્યો છે વળી આ પુસ્તકમાં જુના રીવાજોનું છેદન પણ કરવામાં આવ્યું છે વળી આ પુસ્તક મુસાફરી કરનારને ઉપયોગી થઇ પડે એમ છે કારણ કે એમાં જાત્રાના સ્થળોનાં નામો તથા સ્ટેશનોનાં જકસનો અને આપદાઓ અને સાવચેતી વીગેરે વીગેરે ઘણી બાબતો જાણવાજેમ આ પુસ્તકમાં સમાવવામાં આવેલ છે માટેજ જરૂર નામ નોંધાવો ઘરાક જેટલીજ નકલો કાઢવામાં આવસે.

નામ નોંધાવાનું ઠેકાણું.

શા. વીઠુલદાશ ગોકળદાશ

હરીપુરા ગુર્જર ફળીયા—સુરત.



નમ્ર વીનંતી

આ હમારો પહેલ વહેલો પ્રયાસ ગણી એમાંની જો કાંઇ ભુલચુક હોય તે વાંચક ગણ માફ આપશો અગર તેની કાંઇ હમને ફરમાસ કરશે તો હમો બીજી આવૃત્તીમાં સુધારો કરશું.

ડા. વી. ગો. મહેતા.